


પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૧-૦૩-૨૦૨૬-શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૮૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11


### ઈરાને ૪૦૦૦ કિમી દુર મધ્ય હિન્દ સમુદ્રમાં ટાપુ પર બેલિસ્ટિક મિસાઈલો છોડી


# ડિએગો ગાર્સિયામાં યુએસ-યુકે સૈન્ય બેઝ પર હુમલો

નવી દિલ્હી, તા. ૨૧

ઈરાન અને યુએસ-ઈઝરાયલ હુમલાઓની અસર હવે વૈશ્વિક અર્થતંત્ર પર જોવા મળી રહી છે. અત્યાર સુધી, બંને દેશો વચ્ચે ચાલી રહેલા હુમલાઓ મધ્ય પૂર્વ સુધી મર્યાદિત હતા; જોકે, હવે તે વિવિધ પ્રદેશોમાં ફેલાઈ રહ્યા છે. હકીકતમાં, ઈરાનના તાજેતરના હુમલામાં હિંદ મહાસાગરમાં યુએસ અને યુકે લશ્કરી મથકને નિશાન બનાવવામાં આવ્યું હતું. ધ વોલ સ્ટ્રીટ જર્નલ અનુસાર, ઈરાને ઓછામાં ઓછા બે મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઈલો સાથે સંયુક્ત યુએસ અને યુકે લશ્કરી મથક ડિએગો ગાર્સિયાને નિશાન બનાવ્યું હતું. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે એક મિસાઈલ ઉડાન દરમિયાન નિષ્ફળ ગઈ હતી, જ્યારે બીજી યુદ્ધ જહાજમાંથી છોડવામાં આવેલા અમેરિકન ઈન્ટરસેપ્ટર દ્વારા ફટકારવામાં આવી હતી. ડિએગો ગાર્સિયા વિષુવવૃત્તની દક્ષિણમાં મધ્ય હિંદ મહાસાગરમાં સ્થિત છે.

ઈરાને તેના વતનથી આશરે ૪,૦૦૦





કિલોમીટર દૂર બેઝ પર હુમલો કર્યો છે. આ સ્પષ્ટ કરે છે કે ઈરાની મિસાઈલોની રેન્જ પહેલા માનવામાં આવતી હતી તેના કરતા ઘણી વધારે છે.

ગયા મહિને, ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ દાવો કર્યો હતો કે ઈરાને તેની મિસાઈલોની રેન્જ ૨,૦૦૦ કિલોમીટર સુધી મર્યાદિત કરી છે. જોકે, તાજેતરનો હુમલો ઈરાનની મિસાઈલ શક્તિ અંગે એક અલગ જ વાસ્તવિકતા ઉજાગર કરે છે. આ પ્રશ્ન ઉભો કરે છે: જો ઈરાન પ[illegible],૦૦૦ કિલોમીટરથી વધુ રેન્જ ધરાવતી મિસાઈલો નથી, તો તેણે ડિએગો ગાર્સિયા પર હુમલો કરવા માટે કઈ મિસાઈલનો ઉપયોગ કર્યો હતો? જોકે, ઈરાની અધિકારીઓએ આ બાબતે કોઈ માહિતી જાહેર કરી નથી.

ડિએગો ગાર્સિયા ભારતથી ૧,૮૦૦ કિલોમીટર દૂર છે. આ એરબેઝથી અમેરિકા અને યુકે સમગ્ર એશિયા અને પશ્ચિમ એશિયામાં પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. તે એશિયા અને પશ્ચિમ

અનુસંધાન પાના ૭ પર

## ૬૦ વર્ષમાં પહેલીવાર યરુશલમની અલ-અકસા મસ્જિદ ઈદમાં બંધ

### યુદ્ધના કારણે ઈદના તહેવારમાં ઈરાનના બજારો વેરાન

નવી દિલ્હી, તા. ૨૧

દુનિયાભરમાં ઈદના જશ્ન શરૂ થઈ ચૂક્યા છે. મિડલ ઈસ્ટમાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા ૨૨ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. આવી સ્થિતિમાં, ૬૦ વર્ષમાં પહેલીવાર ઈઝરાયલના યરુશલમમાં અલ-અક્સા મસ્જિદને ઈદની નમાઝ માટે બંધ કરી દેવામાં આવી છે.

૧૯૬૭ના આરબ-ઈઝરાયલ યુદ્ધ પછી પહેલીવાર છે, જ્યારે અલ-અક્સાને સંપૂર્ણપણે બંધ કરવામાં આવી છે. આ મુસલમાનો માટે મક્કા અને મદીના પછી ત્રીજું સૌથી પવિત્ર સ્થળ છે.

ઈરાનમાં ઈદ બજારો સૂમસામ જોવા મળ્યા. જ્યારે કતાર, UAE અને કુવૈત જેવા દેશોમાં ખુલ્લા મેદાનોમાં નમાઝ પઢવા પર રોક લગાવી દેવામાં આવી છે.

ઈરાન સિવાય લગભગ તમામ ખાડી દેશોમાં શુક્રવારે ઈદ મનાવવામાં આવી. ઈરાનમાં સામાન્ય રીતે ફારસી નવ વર્ષ અને ઈદ-ઉલ-ફિત્ર પહેલાના દિવસોમાં આ બજારો ખૂબ જ રોનકભર્યા રહેતા હતા. લોકો ભેટ, કપડાં અને ખાવા-

અનુસંધાન પાના ૭ પર

## ઈદની શુભેચ્છા પાઠવતા મોદી તથા રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ

### સમગ્ર દેશમાં હર્ષોલ્લાસ ભેર રમઝાન ઈદની ઉજવણી

નવી દિલ્હી, તા. ૨૧

આજે દેશભરમાં ઈદની ઉજવણી થઈ રહી છે. લોકો ઈદની નમાઝ અદા કરવા માટે મસ્જિદોમાં એકઠા થઈ રહ્યા છે. ઈદ ઉલ ફિત્રના અવસરે, રાજસ્થાનના અજમેરમાં ખ્વાજા ગરીબ નવાઝ દરગાહ શરીફનો 'જન્નતી દરવાજા' સવારે ૫ વાગ્યે ખોલવામાં આવ્યા હતા.આ દરમિયાન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ X-પોસ્ટ દ્વારા ઈદની શુભેચ્છા પાઠવી. તેમણે લખ્યું, "મારા બધા દેશવાસીઓને, ખાસ કરીને મારા મુસ્લિમ બહેનો અને ભાઈઓને હાર્દિક શુભેચ્છાઓ. આ તહેવાર આત્મસંયમ, સેવા, પરોપકાર અને વંચિતો માટે કરુણા શીખવે છે."પીએમ મોદીએ પણ તેમના દેશવાસીઓને ઈદની શુભેચ્છાઓ પાઠવી. તેમણે ઠ પર લખ્યું, "ઈદ ઉલ-ફિત્ર પર હાર્દિક શુભેચ્છાઓ. આ દિવસ ભાઈચારો અને સદ્ભાવનાને વધુ મજબૂત બનાવે. દરેક વ્યક્તિ ખુશ અને સ્વસ્થ રહે."પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ટીએમસી સાંસદ અભિષેક બેનર્જીએ કોલકાતા ખિલાફત સમિતિના ઈદ ઉલ-ફિત્ર ઉજવણીમાં હાજરી આપી હતી.

સમાજવાદી પાર્ટીના સાંસદ ઝિયા-ઉર-રહેમાન બર્ક ઈદગાહમાં ઈદ ઉલ ફિત્રની નમાઝ અદા કરવા પહોંચ્યા.

ઈદ ઉલ-ફિત્રના અવસર પર પાર્લામેન્ટ સ્ટ્રીટ મસ્જિદમાં નમાજ અદા કર્યા પછી, ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટી

અનુસંધાન પાના ૭ પર

## ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી કરવા અમેરિકાની મંજૂરી

### ૩૦ દિવસ માટે અમેરિકાએ પ્રતિબંધ ઉઠાવી લીધો

નવી દિલ્હી, તા. ૨૧

ટ્રમ્પ પ્રશાસને ઈરાની તેલની ખરીદી પરના પ્રતિબંધોમાં ૩૦ દિવસની છૂટ આપી છે. આ છૂટ ફક્ત સમુદ્રમાં હાજર ઈરાની તેલના ટેન્કરોની ખરીદી માટે છે. અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે તેની જાહેરાત કરી. ટ્રેઝરી વિભાગની વેબસાઈટ મુજબ આ છૂટ ૨૦ માર્ચથી ૧૯ એપ્રિલ માટે છે.

ગ્લોબલ માર્કેટમાં તેલનો પુરવઠો વધારવા અને કિંમતોને નિયંત્રણમાં રાખવા માટે આવું કરવામાં આવ્યું છે. અમેરિકા-ઈઝરાયલની ઈરાન સાથે ચાલી રહેલી જંગને કારણે ક્રૂડની કિંમતો ૧૧૦ ડોલરને પાર કરી ગઈ છે. ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થતા પહેલા તે ૭૦ ડોલરની આસપાસ હતી.

સ્કોટ બેસેન્ટે કહ્યું કે દુનિયા માટે આ વર્તમાન પુરવઠાને અસ્થાયી રૂપે ખોલીને ગ્લોબલ માર્કેટમાં લગભગ ૧૪ કરોડ બેરલ તેલ ઝડપથી આવશે. આનાથી દુનિયાભરમાં ઊર્જાની ઉપલબ્ધતા વધશે અને પુરવઠા પર જે અસ્થાયી દબાણ બન્યું છે, તેને ઓછું કરવામાં મદદ મળશે.

અનુસંધાન પાના ૭ પર











# સંકલન બેઠકમાં અશાંત ધારાનો મુદ્દો ઉઠાવતા ધારાસભ્ય અરવિંદભાઈ રાણા

**સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલના અધ્યક્ષસ્થાને મળી**

સુરત, તા.૨૧

સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેકટરના સભાખંડમાં મળી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ થયેલા પ્રશ્નોનો સત્વરે નિકાલ કરવાની સૂચના આપી હતી. ધારાસભ્યશ્રી અરવિંદ રાણાએ અશાંતધારા કાયદા હેઠળ મિલકત તબદીલ કરતા પહેલા આસપાસ રહેનારા લોકોના અભિપ્રાય લેવામાં આવે તથા બોર્ડ કે બેનર લગાવીને મિલકતની વિગતો જાહેર કરવામાં આવે તેવી માંગ કરી હતી.

કતારગામના ધારાસભ્ય વિનોદભાઈ મોરડીયાએ અમરોલી નજીક અંજની ઈન્ડસ્ટ્રીઝમાં કેનાલનું નાળુ પહોળુ કરવા માટેની રજૂઆત કરી હતી. આ ઉપરાંત, કતારગામ વિસ્તારમાં વાહનોમાં ફ્રુટનું વેચાણ કરતા ફેરીયાઓના કારણે ટ્રાફિકની સમસ્યાઓ સર્જાતી હોવાથી દબાણો દૂર કરવા તથા ડભોલી ચાર રસ્તા નજીક રોંગ સાઈડ પર ગાડી ચલાવનારા વાહનચાલકો વિરૂધ્ધ કાર્યવાહી કરવા જણાવ્યું હતું. જે સંદર્ભે જિ. વિકાસ અધિકારીએ પોલીસ અધિકારીઓને જરૂરી કામગીરી કરવાની સૂચના આપી હતી. આ ઉપરાંત ધારાસભ્યએ લોકોના આરોગ્ય સાથે ચેડા કરીને ભેળસેળયુકત ખોરાક વેચનારાઓ વિરૂધ્ધ કડક હાથે કાર્યવાહી કરવા તેમજ ફરસાણની બનાવટમાં તેલનો વારંવાર ઉપયોગ કરવામાં આવતો હોવાથી આવા લોકો વિરૂધ્ધ પણ કડક કાર્યવાહી કરવાની રજૂઆત કરી હતી.

ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારીએ લંબેહનુમાન રોડ પરનું ગરનાળું લાંબા સમયથી બંધ છે અને આ રોડ પર મેટ્રોની કામગીરીના કારણે લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે જે સંદર્ભે જે સ્થળે કામગીરી પૂર્ણ થઈ ચૂકી હોય તેવા સ્થળોએ બેરીકેડ હટાવવાની રજૂઆત કરી હતી. ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના લેખિત પ્રશ્નોની બેઠકમાં થયેલી ચર્ચા મુજબ બારડોલી નગરપાલિકા હદ વિસ્તારમાં રેલ્વે ઓવરબ્રિજની કામગીરી લાબાં સમયથી ચાલી રહી છે જે સત્વરે પૂર્ણ કરવાની રજૂઆત કરી હતી. આ ઉપરાંત હરિપુરા-કોસાડી તાપી નદી ઉપરના બ્રિજ અંગેની કામગીરી સત્વરે પૂર્ણ કરવાની રજૂઆત સંદર્ભે માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરે આગામી તા.૩૧મી મે સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર હોવાનું કહ્યું હતું. બારડોલી, પલસાણા અને ચોર્યાસી તાલુકાના ગામોમાંથી પસાર થતી ખાડી-કોતર-કાંસોની સાફ સફાઈની કામગીરી કરવાની રજૂઆત સંદર્ભે ડ્રેનેજ વિભાગના અધિકારીએ ૧૦ સ્થળે કામ શરૂ કરવામાં આવ્યું છે, જ્યારે અન્ય સ્થળે સાફસફાઈની કામગીરી કરવામાં આવનાર હોવાની વિગતો આપી હતી. ટી.કે.બી.એસ.એન. રોડ પર બારડોલી સ્મશાન ભૂમિની સામે વૈજનાથ પાટીયા પાસે તથા સરભોણ બાયપાસ પાસે સ્પીડ બ્રેકર મુકવાની રજૂઆત કરી હતી.

બેઠકમાં જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા, નિવાસી અધિક કલેકટર વિજય રબારી, સંયુક્ત માહિતી નિયામક શ્રી અરવિંદ મછાર, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વૈશ્વિક કટોકડી વચ્ચે સરકારની રાહત યોજનાને આવકારતા બોથરા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

કનફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) ની ટેક્સટાઈલ અને ગાર્મેન્ટ કમિટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ચંપાલાલ બોથરાએ ભારત સરકાર દ્વારા જારી કરાયેલ ડાયરેક્ટરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) ના નોટિફિકેશન નંબર ૬૫/૨૦૨૫-૨૬ ને આવકાર્યું, તેને નિકાસકારો માટે સમયસર અને ફાયદાકારક પગલું ગણાવ્યું.

બોથરાએ જણાવ્યું હતું કે તેમણે ગલ્ફ અને પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં વધતા લોજિસ્ટિક્સ ખર્ચ, વીમા પ્રિમીયમ અને યુદ્ધ જોખમ સરચાર્જને ધ્યાનમાં રાખીને લગભગ સાત દિવસ પહેલા કેન્દ્ર સરકાર પાસેથી ખાસ રાહત પેકેજની વિનંતી કરી હતી. આ સંદર્ભમાં સરકારનો ત્વરિત નિર્ણય પ્રશંસનીય છે. બોથરાએ જણાવ્યું હતું કે ગલ્ફ અને પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં, ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ વધતા ભૂરાજકીય તણાવને કારણે આંતરરાષ્ટ્રીય શિપિંગ, વીમા પ્રિમીયમ અને લોજિસ્ટિક્સ ખર્ચમાં અભૂતપૂર્વ વધારો થયો છે. આનાથી ભારતીય નિકાસકારો, ખાસ કરીને કાપડ અને MSME ક્ષેત્રોમાં ભારે આર્થિક દબાણ આવ્યું છે.

સરકાર દ્વારા શરૂ કરાયેલ RELIEF (રેઝિલિયન્સ એન્ડ લોજિસ્ટિક્સ ઈન્ટરવેન્શન ફોર એક્સપોર્ટ ફેસિલિટેશન) યોજના હેઠળ, નિકાસકારોને ત્રણ સ્તરે સહાય પૂરી પાડવામાં આવશે, જેનો અમલ એક્સપોર્ટ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ECGC) દ્વારા કરવામાં આવશે.



# ધી સુરત મ્યુ. પ્રાથમિક.સ્કુ.ટી.કો. ઓપ.ક્રેડિટ સો. લિ દ્વારા 'લ્હાણી'

## સભાસદ શિક્ષકોને વિવિધ વસ્તુઓ ભેટમાં અપાઈ

સુરત, તા.૨૧

ધી સુરત મ્યુ. પ્રા.સ્કૂ. ટી.કો. ઓપ ક્રેડિટ સો.લિ. અડાજણ સુરત દ્વારા વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ના વર્ષના૧૪૦૦ સભાસદો માટે લ્હાણી વિતરણ નો જોરદાર કાર્યક્રમ સુરત શહેરના લિંબાયત, કતારગામ વરાછા અને મંડળીની ઓફિસ પરથી યોજવામાં આવેલ. તમામ સભાસદો માટે એરિસ્ટોકેટ ટ્રાવેલિંગ બેગ અને બર્ગનર કંપની નું ટ્રી પ્લાય ત્રાસલુ ભેટ આપવામાં આવેલ. શિક્ષકોની જૂની સોસાયટી ની મંડળી ૧૦૦ વર્ષ જૂની છે. મંડળીનો સમગ્ર વહીવટ ઓનલાઈન બેજ છે. મંડળી દર વર્ષે તમામ સભાસદોને બચત પર સારામાં સારુ ડિવિડન્ડ આપે છે. મંડળીના ચેર પર્સન શ્રી કલ્પાબેન સોલંકી એ તમામ ઝોનમાં લહણી વિતરણ કરીને સુંદર મજાના વહીવટનું ઉત્તમ ઉદાહરણઆપેલ છે. ઉપપ્રમુખશ્રી વીતેન્દ્રભાઈ પાટીલ અને સેક્રેટરી શ્રી આર આર પટેલે શિક્ષકોની જરૂરિયાત સમજીને સુંદર મજાની ભેંટ ની પસંદગી કરેલ છે તે ખરેખર વખાણવા લાયક છે. લ્હાણી વિતરણ ના કાર્યક્રમમાં ધબકાર વર્તમાન પત્ર ના તંત્રી શ્રી નરેશભાઈ વરિયા એ મંડળીના વહીવટની ખૂબ જ પ્રશંસા કરેલ. મંડળીની શાખને ધ્યાનમાં લઈને વરાછા વિધાનસભા વિસ્તારના ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી સાહેબે શુભેચ્છા સંદેશ આપેલ તેને અમે આવકારીએ છીએ. આ ઉપરાંત સુરત મહાનગર પ્રાથમિક શિક્ષક સંઘ ના પ્રમુખશ્રી કિરીટભાઈ ગુજરાતી, માનવતા ની મહેક સેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી લક્ષ્મણભાઈ મોરડીયા, એચ ટાટ સંઘના પ્રમુખશ્રી હિતેશભાઈ દુધાત, ધીરુભાઈ અવૈયા, શબ્દ સારથી શ્રી જીતુભાઈ મકવાણા પૂર્વ ચેરમેન શ્રી અનિલભાઈ પટેલ , સ્નેહલ બેન પટેલ. શિક્ષક મંડળના પ્રમુખશ્રી રાહુલભાઈ શાળાના આચાર્યશ્રી ઓ અને શિક્ષક ભાઈ બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા મંડળીના ડિરેક્ટર શ્રી મહાવીર સિંહ ચૌહાણ, જયંતભાઈ રાવ, કનુભાઈ ધામેલીયા, રવિન્દ્ર બોરસે, નંદુભાઈ પાટીલ, અજયભાઈ રાજપુત, સુશાંતભાઈ સાસમલ, શ્રીમતી મિતલબેન દેસાઈ સહ સેક્રેટરી અંકિત કેવડીયા, નીરજભાઈ રાજપુત સુંદર મજાની વિતરણ વ્યવસ્થાના ભાગીદાર બનેલ.

# સ્કેટના વિદ્યાર્થીઓએ વારી એનર્જી લિમિટેડ ચીખલી પ્લાન્ટની ઔદ્યોગિક મુલાકાત લીધી



સુરત, તા.૨૧

સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી ના ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગના વિદ્યાર્થીઓ માટે Waaree Energies Limited, ચીખલી પ્લાન્ટ ખાતે આ ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક જ્ઞાન સાથે વાસ્તવિક ઉદ્યોગની પ્રક્રિયાઓનો અનુભવ કરાવવાનો હતો.

વિદ્યાર્થીઓ ફેકલ્ટી સભ્યોની સાથે ઉત્સાહપૂર્વક આ મુલાકાતમાં જોડાયા હતા. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને સોલાર ફોટોવોલ્ટેઈક (PV) મોડ્યુલના ઉત્પાદનની વિવિધ પ્રક્રિયાઓ, ગુણવત્તા નિયંત્રણ અને પ્લાન્ટમાં અમલમાં રહેલી સલામતી વ્યવસ્થાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી.ઉદ્યોગના નિષ્ણાતોએ સોલાર પેનલના ઉત્પાદનના વિવિધ તબક્કાઓ જેમ કે સેલ ટેસ્ટિંગ, મોડ્યુલ એસેમ્બલી, લેમિનેશન અને કાર્યક્ષમતાના મૂલ્યાંકન અંગે માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીઓએ ઉદ્યોગના આધુનિક ટેકનોલોજી, ઓટોમેશન અને ઊર્જા વ્યવસ્થાપન અંગે પણ જાણકારી મેળવી.આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને સ્થિર ઊર્જા (Renewable Energy)ના મહત્વ અંગે જાગૃતિ મળી તેમજ આ ક્ષેત્રમાં કારકિર્દીની તકો વિશે પણ માર્ગદર્શન મળ્યું. Waaree Energies Limited સોલાર સેલ અને સોલાર મોડ્યુલનું ઉત્પાદન કરે છે, જે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. સ્વચ્છ અને ટકાઉ ઉર્જાની વધતી જતી માંગને ધ્યાનમાં રાખતા, સોલાર ઉર્જા જેવી રિન્યુએબલ એનર્જી ભવિષ્યની ઊર્જા તરીકે ઉભરી રહી છે. આ પરિવર્તન કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં સહાયરૂપ છે તેમજ લાંબા ગાળાની ઊર્જા સુરક્ષા અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપે છે.

# સુરતી મોઢ વણિક દ્વારા સિવણ ક્લાસનો કોર્સ

સુરત, તા.૨૧

શ્રી સુ મો વ સમસ્ત પંચ સંચાલિત સીવણ ક્લાસ સાથે વિવિધ કટીંગ અને સ્ટિચિંગ શીખવા તથા સ્પેશિયલ ફેશન ડિઝાઈનિંગ કોર્સના કન્વીનર શ્રીમતી ભાનુબેન લાપસી વાળાએ જણાવ્યું છે કે ન્યાતજાત ના ભેદભાવ વિના મહિલાઓના ઉત્થાન માટે અનુભવી શિક્ષિકા શ્રીમતી પ્રીતિ શાહ દ્વારા શ્રેયસ લીમડા ચોક ઘંટી શેરી સુરત ખાતે તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી આ તાલીમમાં જોડાવા ઈચ્છુક જરૂરિયાત મંદ તમામ મહિલાઓને પોતાની આજીવિકા રોજી રોટી મળી રહે તે હેતુથી શરૂ થનાર આ વર્ગમાં જોડાવા માટે શ્રીમતી ભાનુબેન લાપસીવાલા મોબાઈલ નંબર ૯૩૨૮૫ ૪૩ ૦૧૦ અથવા શ્રીમતી પ્રીતિબેન શાહ મોબાઈલ નંબર ૮૦૦૦૩ ૫૫૦૪૫ નો સોમવાર થી શુક્રવાર બપોરે બે થી પાંચ ના સમયે સંપર્ક કરવા જણાવવામાં જણાવેલ છે.

# મહિલા બાલ મિત્ર ટ્રસ્ટ તરફથી ઈદમુબારક

સુરત, તા.૨૧

મહિલા બાળમિત્ર ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી શફીભાઈ શેખ અને ઉપ પ્રમુખ શ્રી નિસાર ભાઈ લાઈટ વાલા તથા ટ્રસ્ટ ના તમામ હોદ્દેદારો સમગ્ર દેશ વાસીઓને ઈદની ની શુભેચ્છા તથા ઈદ મુબારક પાઠવી છે



# એકતા યુવક મંડળ દ્વારા ઈદમુબારક

સુરત, તા.૨૧

એકતા યુવક મંડળ તરફ થી બધા દેશવાસીઓ ને ઈદ મુબારક. માહે-રમજાન ની મિઠી ઈદની ઉજવણી બધા હિંદુ મુસ્લિમની સાથે મળીને ઉજવવામાં આવી. શિર-ખુરમા , ખજૂર અને ગળે મળીને ઈદ ની મુબારક વાત આપવામાં આવી. વોર્ડ નંબર ૨ ના શિકારી સાહેબ અને એમની ટીમના સફાઈદારો નો પણ સન્માન કરવામાં આવ્યું. જેમાં મહિલા અને બાળ મિત્ર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ મહંમદ સફી ભાઈ એ ઈદ ની શુભકામના આપી હતી. આ ઈદના પ્રોગ્રામમાં પોલીસ કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા.

# ડ્રગ્સ કેસમાં મહિલા આરોપીના જામીન મંજૂર કરતી અદાલત

**વિવિધ શરતોને આધિન જામીન અરજી કોર્ટે મંજૂર કરી**

સુરત, તા.૨૧

સુરતની Special NDPS Court Surat દ્વારા એક મહત્વપૂર્ણ હુકમ આપવામાં આવ્યો છે, જેમાં NDPS કેસ નં. ૪૮/૨૦૨૬ માં આરોપી સ્મ્ટ. વર્ષા રાયકવારને નિયમિત જામીન મંજુર કરવામાં આવ્યા છે. આ કેસમાં આરોપી વિરુદ્ધ NDPS એક્ટની કલમ ૨૦, ૨૩ તથા ૮(C) હેઠળ ગુનો નોંધાયો હતો. આરોપી તા. ૨૫/૧૨/૨૦૨૫ થી જ્યુડિશિયલ કસ્ટડીમાં હતી અને તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી હતી. આરોપી તરફથી વકીલશ્રી Adv. M. V. Ramani તથા Adv. Mayur R. Patel દ્વારા મજબૂત દલીલો રજૂ કરવામાં આવી હતી. દલીલોમાં દર્શાવવામાં આવ્યું હતું કે, આરોપી મહિલા છે, કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ નથી, તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને કેસમાં જપ્ત કરાયેલ મુદ્દામાલ 'Intermediate Quantity' નો હોવાથી NDPS એક્ટની કલમ ૩૭ ની કડક જોગવાઈ લાગુ પડતી નથી. વધુમાં, આરોપી સામે પ્રાથમિક દ્રષ્ટિએ મજબૂત પુરાવા નથી અને કેસમાં પ્રક્રિયાત્મક ખામીઓ તેમજ "Conscious Possession" નો અભાવ દર્શાવવામાં આવ્યો હતો. નામદાર કોર્ટએ પોતાના હુકમમાં નોંધ્યું કે તપાસ પૂર્ણ થઈ ગઈ છે, ચાર્જશીટ દાખલ થઈ ગઈ છે, ટ્રાયલ લાંબો ચાલવાની સંભાવના છે તથા આરોપીનો કોઈ ભૂતકાળનો ગુનાહિત ઈતિહાસ નથી. આથી આરોપીને વધુ કસ્ટડીમાં રાખવાનો કોઈ યોગ્ય હેતુ નથી. નામદાર કોર્ટએ આ તમામ પરિસ્થિતિઓ અને કાનૂની સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને આરોપીને રૂપિયા ૧,૨૫,૦૦૦ના પર્સનલ બોન્ડ તથા સમાન રકમના બે જામીનદારોની શરતે જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

# અડાજણમાં શ્રી રામ કથા સપ્તાહનું આયોજન





**કાળા ચૂડા- લાલ ચૂડા કડવા પાટીદાર સમાજ અડાજણ તથા પાલના ઉપક્રમે અડાજણ ડી-માર્ટ સામે શ્રી ચિત્રકૂટ ધામમાં શ્રી રામકથા સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. ગત ગુરુવારથી કથાનો આરંભ થયો છે. અને તા.૨૭મી માર્ચના રોજ પૂર્ણાહુતિ થશે. શ્રી રામકથા સપ્તાહમાં વ્યાસપીઠ પરથી પ.પૂ.શ્રી વિનોદભાઈ ભટ્ટ બાપજી દ્વારા કથાનું રસપાન કરવામાં આવે છે.**

# પ્રાકૃતિક ખેતીમાં શ્રેષ્ઠ બીજામૃત જીવામૃત

**બીજામૃત અને ઘનામૃત અને દેશી ગાય આધારિતની ખેતી**

સુરત, તા.૨૧

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય મળી રહ્યું છે. ત્યારે ગુજરાત રાજ્ય સહિત ભાવનગર જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજની સાથે તાલુકા ક્લસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ આપીને ખેડૂત મિત્રોને પ્રોત્સાહિત કરવામા આવી રહ્યાં છે.

તાલુકા ક્લસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ મારફતે દેશી ગાય આધારિત ખેતી, બીજામૃત એટલે બીજ અને અમૃત. જીવામૃત, બીજામૃત અને ઘનામૃત દ્વારા ખેતી કરીને જમીનની ફળદ્રુપતા વધારવા સહિત પ્રાકૃતિક કૃષિમાં જીવામૃતની મહત્તા અને તેના ઉપયોગ વિશેની જાણકારી આપવામા આવે છે. સાથે- સાથે એનાથી થતા ફાયદા અંગે પણ સમજણ પુરી પાડવામા આવે છે.

ખેડૂતમિત્રો એવું જણાવે છે કે વર્ષો પહેલા બાપ-દાદાઓ ખેતી કરતા હતા ત્યારે કોઇ પણ જાતની દવાઓનો ઉપયોગ કર્યા વગર ખેતી કરતા હતા માત્ર પ્રાકૃતિક વસ્તુઓનો ઉપયોગ કરીને ખેતી કરતા હતા જે વર્ષો સુધી ઉપયોગમાં આવતી અને જેનાથી શરીરની સ્વાસ્થ્ય કે જમીનની ફળદ્રુપતાને કોઇ નુકસાન જોવા મળતું ન હતું. આજે ખેડૂતો

અનુસંધાન પાના ૭ પર

# ગટરની સફાઈ માટે માણસને બદલે મશીનનો ઉપયોગ થશે

## સુરત મહાનગર પાલિકા દ્વારા તાલીમ કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૨૧

સુરત શહેરમાં આવેલ ખાનગી સોસાયટી ફાર્મ હાઉસ ઈન્ડસ્ટ્રી વગેરેમાં ડ્રેનેજ લાઈન તથા મશીનહોલની સાફ-સફાઈ માટે જે તે ફાર્મ હાઉસના માલીકો ધ્વારા ખાનગી રાહે માણસોને ઉતારવામાં આવે છે.તેવા સંજોગોમાં ભુતકાળમાં અકસ્માતો પણ થયેલા હોવાનું ધ્યાનમાં આવેલ છે.આવા અકસ્માતો ન થાય તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા એક પહેલ શરૂ કરી નીચે મુજબનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

અસંગઠિત કામદારો તથા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ડ્રેનેજ ચેમ્બર/મશીનહોલ/ખાળકુવા/સેપ્ટીક ટેન્ક/ ભુર્ગભ ગટર વિગેરેની સફાઈ સાથે સંકળાયેલ પ્રાઈવેટ એજન્સી/ ગટરની કામગીરી સાથે



સંકળાવેલ વ્યાપારીક સંસ્થાઓ તથા ખાનગી રાહે કામ કરતાં આવા ૯૪ વ્યકિતઓ/ઈજારદારો/સંસ્થાઓ માટે તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ કલાક સુધી પર્ફોમિંગ આર્ટ સેન્ટર અડાજણ ખાતે તાલીમનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. ગટર સફાઈની કામગીરી સાથે સંકળાયેલ સુરત મહાનગરપાલિકાના અધિકારી૪કર્મચારી તથા સફાઈ કામદારોની સલામતીના ભાગ રૂપે તા.૨૯/૦૫/૨૦૨૫૪ તા.૨૮/૦૬/૨૦૨૫૪ તા.૧૨/૦૭/૨૦૨૫૪ તા.૨૬/૦૮/૨૦૨૫૪ તા.૦૪/૧૦/૨૦૨૫ તથા તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ તાલીમ થકી સદર કામગીરી કરવા અંગેની સમજ આપવામાં આવેલ હોય તથા ભવિષ્યમાં પણ આ અંગેની તાલીમોનું આયોજન સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવનાર છે. આ ટ્રેનીગમાં હાજર રહી તાલીમ લેનાર તમામ વ્યકિતઓ/ઈજારદારો/સંસ્થાને વિનામુલ્યે લાઈસન્સીગની પ્રક્રિયા કરવામાં આવશે. ગટર સાફ સફાઈ માટે મશીનહોલમાં માણસો ન ઉતારવા બાબતે લોકોને અપીલ પણ

અનુસંધાન પાના ૭ પર

# સ્ત્રીઓને હૉર્મોનલ ઇમ્બેલેન્સ થાય છે ત્યારે લાઇફ-સ્ટાઇલ બદલવાથી જ એ થાય છે ઠીક

મુંબઈમાં ફૅમિલીથી દૂર રહેતી ૨૪ વર્ષની છ દિવ્યા પટેલને આ રોગ આવ્યો અને હૉર્મોન્સની ગોળીઓ ખાવાને બદલે તેણે પ્રયત્ન કરીને તેની લાઈફ-સ્ટાઇલ બદલી. રિઝલ્ટ એ આવ્યું કે તેનો બે વર્ષ જૂનો આ રોગ બે મહિનામાં જ દૂર થઈ ગયો



૨૪ વર્ષની દિવ્યા પટેલ મુંબઈમાં એકલી રહેતી કામકાજી મહિલાઓમાંની એક છે જે આ શહેરમાં પોતાનાં સપનાંઓ પૂરાં કરવા માટે આવી છે. દિવ્યાનાં માતા-પિતા ઇન્દોરમાં રહે છે અને એ પોતે છેલ્લાં ૮ વર્ષથી મુંબઈમાં રહે છે. અહીં રહીને જ તે ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ બની અને હાલમાં એક કંપનીમાં કામ કરે છે. સવારે ૧૦ વાગ્યે ઑફિસ જાય છે અને રાત્રે ૮-૧૦ વાગ્યા સુધી કામ કરતી હોય છે. કામ વધુ હોવાને કારણે શનિવારે રજા મળતી નથી અને રવિવારે પણ ઘેરબેઠાં કામ જ ચાલુ હોય છે. મુંબઈની હવામાં જ ખંત છે અને એટલે જ અહીં રહેલી દરેક વ્યક્તિ કામ અને ફક્ત કામમાં જ ગૂંથાયેલી રહે છે. વળી આજની કૉર્પોરેટ જિંદગી એવી છે કે બસ, માણસ સતત કામ કર્યા જ કરે અને એ કૉર્પોરેટ કલ્ચરમાં ઊછરતા યુવાનોને કંઈ ને કંઈ તકલીફ આવે છે, જેને ફેસ કરવી પડી રહી છે. PCOS એટલે કે પૉલિસિસ્ટિક ઓવેરિયન સિન્ડ્રૉમ એક એવી જ તકલીફ છે જેનો ભોગ આજની યુવાન છોકરીઓ બની રહી છે. દિવ્યાને પણ આ રોગ ૨૦૧૭ના સપ્ટેમ્બરમાં આવ્યો. આ રોગમાં ઓવરીમાં નાની-નાની ગાંઠો જોવા મળે છે, જેને લીધે માસિક અનિયમિત બની જાય છે. એનો ઇલાજ જરૂરી છે, કારણ કે એ આગળ જતાં

## બૅલૅન્સ

PCOSના દરદીને ડાયટ કરવાનો અર્થ એ નથી કે સીધું વજન ઊતરવા મંડે. આ વાત સમજાવતાં યોગિતા ગોરડિયા કહે છે, 'PCOS થાય એનો સીધો અર્થ એ કે સ્ત્રીના શરીરમાં હૉર્મોન્સનું ઇમ્બૅલૅન્સ થઈ ગયું છે. એ ઇમ્બૅલૅન્સને ડાયટ, એક્સરસાઇઝ અને લાઇફ-સ્ટાઇલ ચેન્જિસ સાથે બૅલૅન્સ કરવું જરૂરી છે. એક વખત એ બૅલૅન્સ થાય એટલે બધા જ પ્રૉબ્લેમ એની મેળે ઠીક થતા હોય છે. નૉર્મલ વેઇટલૉસ અને PCOSના વેઇટલૉસમાં આ જ મોટો ફરક છે. ફક્ત વજન ઘટાડવા માટે જ ડાયટ જરૂરી નથી, બીમારીને ઠીક કરવા માટે ક્યૉરેટિવ કારણોસર પણ ડાયટનો ઉપયોગ થાય છે. જ્યારે વ્યક્તિ યોગ્ય સમયે પોષણયુક્ત ખોરાક લે, સમય પર સૂવે, પૂરતી ઊંઘ લે અને સાથે એક્સરસાઇઝ પણ કરે ત્યારે શરીરને બૅલૅન્સમાં રાખી શકે છે. દિવ્યાના કેસમાં પણ અમને શરૂઆતનો દોઢ મહિનો ધીરજ રાખવી પડી હતી. બધું વ્યવસ્થિત ફૉલો કરવાને લીધે બે મહિનાની અંદર તેના પિરિયડ્સ રેગ્યુલર ચાલુ થઈ ગયા અને એટલે તરત જ વજન પણ ઊતરવા લાગ્યું.'

### લાઇફ-સ્ટાઇલ બદલવાથી મળે છે રિઝલ્ટ

PCOS આજકાલ અત્યંત સામાન્ય થતી જતી બીમારી છે. ઓવરીમાં નાની-નાની અસંખ્ય ગાંઠો ઊપસી આવે છે, કારણ કે સ્ત્રીના શરીરમાં હૉર્મોનલ બૅલૅન્સ બગડે છે; પુરુષ હૉર્મોન્સનો વધારો થાય છે. આ ઇમ્બૅલૅન્સ પાછળ ફક્ત ને ફક્ત લાઇફ-સ્ટાઇલનાં કારણો જ જવાબદાર છે. ખોટો ખોરાક, બેઠાડુ જીવન, અપૂરતી ઊંઘ અને વધુપડતું સ્ટ્રેસ તથા ચિંતાને કારણે શરીરમાં હૉર્મોન્સનું બૅલૅન્સ બગડે છે. આ બૅલૅન્સ બગડવાને કારણે આ રોગ આવે છે. એ વિશે સમજાવતાં વાશીનાં ગાઇનેકોલૉજિસ્ટ ડૉ. બંદિતા સિંહા કહે છે, 'આ રોગનો ફક્ત દવાઓથી ઇલાજ શક્ય નથી. હૉર્મોન્સની દવાઓ થોડી ઉપયોગી થઈ શકે, પરંતુ એનાથી રોગ જડથી જશે નહીં; કારણ કે આ રોગનો ઇલાજ જ લાઇફ-સ્ટાઇલમાં સુધાર છે. હૉર્મોન્સને બૅલૅન્સ અંદરથી કરવા પડે છે, જે દવાઓથી પૂરી રીતે થાય નહીં. આ રોગને ગંભીરતાથી લેવો જરૂરી છે, કારણ કે જો એનો યોગ્ય ઇલાજ ન થયો તો આગળ જતાં હૉર્મોનલ ઇમ્બૅલૅન્સને કારણે

## નિદાન

પોતાને PCOS છે એવી કઈ રીતે ખબર પડી એ વિશે વાત કરતાં દિવ્યા પટેલ કહે છે, 'મારું માસિક અનિયમિત બનતું જતું હતું. છેલ્લાં બે વર્ષથી મને આ પ્રૉબ્લેમ હતો, પરંતુ કામની વ્યસ્તતાને કારણે એના પર હું ધ્યાન આપી શકતી નહોતી. હું ૨૦૧૭ના સપ્ટેમ્બરમાં ગાઇનેકોલૉજિસ્ટ પાસે ગઈ અને ત્યાં તેમણે મને હિસ્ટરી પૂછી. છેલ્લા થોડા સમયમાં મારું વજન વધી ગયું હતું. મારા મોં પર વાળ ઊગી આવ્યા હતા. આ લક્ષણોને લીધે ડૉક્ટરે કહ્યું કે મને ઝૅજી છે. તેમણે મને એક દવા ચાલુ કરવાની કહી અને કહ્યું કે થોડી ડાયટ બરાબર કર, બાકી આ દવાથી મટી જશે. એ દવા વિશે મેં ઘરે આવીને સર્ચ કર્યું તો ખબર પડી એ હૉર્મોન્સ

## નિદાન

માટેની દવા હતી, જેની અમુક સાઇડ-ઇફેક્ટ્સ પણ હતી. હું નહોતી ઇચ્છતી કે કોઈ સાઇડ-ઇફેક્ટ્સવાળી દવા ખાઉં. એટલે મેં એ દવા ન લીધી. એ સમયે મારી એક એક્ઝામ પણ હતી અને એટલે મેં એના પર વધુ ધ્યાન આપવાનું વિચાર્યું અને કંઈ ન કર્યું.'

### લાઇફ-સ્ટાઇલ

દિવ્યા મુંબઈમાં મિત્રો સાથે ઘર રેન્ટ પર રાખીને રહે છે. ઘરમાં કુક આવે અને તે જે બનાવે એ પોતે લંચમાં સાથે લઈ જાય. બાકી ઑફિસમાં જે મળે એ ખાઈ લે. બ્રેકફાસ્ટ ક્યારેક કરે ક્યારેક ન કરે. બ્રેડ-બટર, પીત્ઝા, સમોસા કે રસ્તે ચાલતાં જે મળ્યું એ ખાઈ લીધું. કામ હોય ત્યારે કલાકો કંઈ ન ખાય અને પછી મોડી રાત્રે ખાવા બેસે. જ્યારે સમય મળે ત્યારે ખાય અને જે મળે એ ખાઈ લે. આ ખાવું અને આ ન ખાવું જેવું એકલા બૅચલર લાઇફ જીવતા, પરિવારથી દૂર રહેતા આજના યુવાનોની આવી જ લાઇફ હોવાની, જે દિવ્યા જીવી રહી હતી. પરંતુ એને કારણે તે મુસીબતમાં મુકાઈ હતી. નેટ પર જ સર્ચ કરીને તેને લાગ્યું કે મારે કોઈ ડાયટિશ્યનને બતાવવું જોઈએ. ડિસેમ્બરમાં થોડો સમય મળ્યો એટલે તેણે ડાયટ શરૂ કરી. અઠવાડિયામાં વધુ નહીં તો ચાર દિવસ તેણે એક્સરસાઇઝ કરવાનું શરૂ કર્યું. તેણે પ્રૉપરલી ફૉલો કર્યું. પહેલા દોઢ મહિનામાં તો ફક્ત દોઢ જ કિલો વજન ઊતર્યું, પરંતુ આગળ જતાં બીજા બે મહિનામાં પાંચ-છ કિલો વજન ઊતર્યું, લગભગ ૭ ઇંચ જેટલો ઘેરાવો પણ ઘટ્યો અને તેનું માસિક એકદમ રેગ્યુલર થઈ ગયું. છેલ્લા ૪ મહિનાથી તેને માસિક સંબંધિત કોઈ તકલીફ નથી. તેના વાળ પણ જે મોઢા પર ઊગી આવ્યા હતા એ જતા રહ્યા છે, જેના લીધે કહી શકાય કે હૉર્મોનલ બૅલૅન્સ પ્રૉપર છે.

### પ્રયત્ન અનિવાર્ય

આ રિઝલ્ટ લાવવા માટે દિવ્યાએ મહેનત પણ ઘણી સારી કરી, જેના વિશે વાત કરતાં ડાયટિશ્યન યોગિતા ગોરડિયા કહે છે, 'જે લોકો એકલા રહે છે અને પેરન્ટ્સ પણ સાથે ન હોય તેમના માટે પોતાના ખોરાકનું ધ્યાન રાખવું મુશ્કેલ છે. આજકાલના યુવાનો આ બાબતે બિલકુલ જાગૃત નથી હોતા અને જાગૃતિ હોય તો પણ એ બાબતે પ્રયત્નશીલ નથી હોતા. જે છોકરી દિવસના ૧૦-૧૨ કલાક ફક્ત કામ જ કરતી હોય અને ખોરાકને જેણે કોઈ દિવસ પ્રાધાન્ય જ ન આપ્યું હોય એવી છોકરીએ સવારથી રાત સુધી સમય-સમય પર શું ખાવું અને એ બધું જ સવારે બનાવડાવીને સાથે ઑફિસ લઈ જવા જેટલી જહેમત ઉઠાવવી એ પ્રયત્ન જ ઘણો સરાહનીય છે. હેલ્થ માટે નાની ઉંમરથી જ જ્યારે તમે પ્રયત્નશીલ બનો છો ત્યારે રિઝલ્ટ ખૂબ સારું મળે છે અને એ લાંબા ગાળા સુધી ટકે પણ છે.'




# ભારતીય પુરુષો ઉપર પત્ની કરતાં વધુ કમાવવાનું દબાણ છે? કેમ?

ભારત સહિત બધા દેશોમાં આવક બાબતે જેન્ડર પે ગેપ રહે છે. ીઓની તુલનામાં પુરુષો વધારે કમાય છે. ફક્ત મજૂરી એટલે કે લેબર ઇન્કમની વાત કરીએ તો ભારતીય પુરુષોની આવક બ્યાંશી ટકા વધુ છે, ી લેબરર્સની સરખામણીમાં. જેન્ડર પે ગેપ ઓછો થાય તેના બહુ પ્રયત્નો કરવામાં આવે છે પણ એ મંઝિલ દૂર છે. પુરુષ અનેીને મળતા મહેનતાણા સરખા થાય ત્યારે, તેની પહેલા એક બીજો પ્રશ્ન મોટો થઇ રહ્યો છે. પ્રશ્રન સામાજિક છે. પ્રશ્રન પુરુષોને લગતો છે. અર્બન-શહેરી વિસ્તારના ઘણા પુરુષો અત્યારે આ પ્રશ્રનનો સામનો કરી રહ્યા છે. રૂરલ – ગ્રામ વિસ્તારના પુરુષોએ વહેલા મોડો આ સવાલનો સામનો કરવાનો છે. બાળકોનો ઉછેર જ એ રીતે થાય છે કે તેઓમાં પાયાના પક્ષપાતી વિચારોનું આરોપણ થાય. પુરુષો ઉપર કમાવવાનું પ્રેશર તો હોય જ છે. એ તેની જવાબદારી પણ છે, પરંતુ સોસાયટી તરફથી પુરુષો ઉપર એક વણદેખ્યું દબાણ એ પણ હોય છે કે તેઓએ તેની પત્ની કરતાં વધુ કમાવવું જોઈએ!

આપણો સમાજ પુરુષપ્રધાન સમાજ છે એ મંજૂર, પણ એ પિતૃસત્તાક માનસિકતા આવી ક્યાંથી? સોસાયટીની પરંપરાઓમાંથી. વડવાઓએ જે શીખવ્યું એમાંથી. પરંપરાગત રૂઢિ એ હતી કે ઘરમાં રોટલો કમાનાર એક જ હશે અને તે પુરુષ જ હશે. પણ હવે પરિસ્થિતિ બદલાઈ છે. ઘરમાં હવે બે વ્યક્તિઓ કમાઈને લાવે છે. એકી અને બીજો પુરુષ. લાઈફ સ્ટાઈલ અને દેશની આર્થિક પ્રણાલીઓ જ એવી થઇ ગઈ છે કે મિડલ ક્લાસ-અપાર મિડલ ક્લાસના પરિવારોમાં બે વ્યક્તિઓએ ફરજિયાત કમાવવું જ પડે. ખર્ચા ત્રણ ગણા થાય છે તો આવક તો એટલીસ્ટ ડબલ જોઈએ ને. માટે ીઓ ઘર પણ સંભાળે છે અને કમાઈને પણ લાવે છે. ગૃહસ્થી હોય કે ઓફિસ સંભાળવાની જવાબદારી, ીઓ હારોહાર ઊભી છે. સંતાન ઉછેરની જવાબદારી આજે પણ ઘણે ખરે અંશેીઓ માથે હોય છે. પણ, અમુક પરિવારોમાં ઘરના દીકરા ઉપર પ્રેશર હોય છે કે તારે તારી પત્ની કરતાં વધારે કમાવવું જોઈએ. આવા રૂઢિગત ઉછેર અને આરોપાયેલા વિચારોને કારણે નાની ઉંમરના છોકરાઓમાં એક પ્રકારનો મેલ ઈગો પણ ડેવલપ થતો જાય છે કે મારા કરતાં કોઈ ી વધુ કમાઈ કેમ શકે? એટલે જાતે જ પોતાના ઉપર વધુ કમાણીનું પ્રેશર આવે. વેક અપ સીડ – ફિલ્મમાં રણબીર કપૂર અને કોકણા સેન શર્માની કેમેસ્ટ્રી સારી બતાવી હતી પણ તેના કરતાં પણ વધુ રણબીરના પાત્રના પિતા બનતા અનુપમ ખેર સાથે વાત વધુ રસપ્રદ હતી. બાપના કિરદારમાં રહેલા અનુપમ ખેરને એવું છે કે તેનો દીકરો નવરો રખડ્યા કરે તેના કરતાં પોતાના પગ ઉપર ઊભો થાય. બાપની મિલિયન ડૉલર કંપનીમાં દીકરાને રસ નથી પડતો અને તે ઘર છોડીને ચાલ્યો જાય છે. તે ઘર છોડીને જાય છે પછી એક દિવસ તેને તેના પપ્પાના પાડેલા ફોટોગ્રાફ્સ જોવા મળે છે. સુપ્રિયા પાઠક તેની માતાના કિરદારમાં છે. તે કહે છે કે તારા પપ્પાને ફોટોગ્રાફીનો જબરો શોખ હતો. તારા નાનપણમાં ઢગલાબંધ ફોટોગ્રાફ્સ લીધા હતા. પછી ઘરની જવાબદારી વધી, દીકરો મોટો થતો ગયો અને કંપનીના કામમાં ખૂપી ગયા. કેમેરા માળિયા ઉપર મુકાઈ ગયો. એક પુરુષે ઘર ચલાવવા માટે પોતાના શોખનું વિસર્જન કરી દેવું પડ્યું. હવે, આ કિસ્સામાં પત્ની કમાવવા ગઈ હોત અને પુરુષ પોતાની વર્ક – લાઈફ બેલેન્સ કરી શક્યો હોત ખરો? ી લગ્ન કરીને તેની અંગત જિંદગી અને શોખોની આહુતિ આપે છે તો પુરુષો પણ ઘર ચલાવવા માટે પોતાના અરમાનોને સળગાવે છે.

**જોરદાર તાવની સાથે પિડા છે તો સાવધાની જરૂરી છે...**

# આંખની પાછળ પિડા ડેન્ગ્યુના લક્ષણ




અમદાવાદ સહિત ગુજરાત અને દેશના અન્ય ભાગોમાં ડેન્ગ્યુ રોગે જોરદાર આતંક મચાવી દીધો છે. ડેન્ગ્યુના કારણે ભારે હાહાકાર પણ અનેક વિસ્તારોમાં ફેલાયેલો છે. આવી સ્થિતીમાં જો ડેન્ગ્યુને લક્ષણની સાથે જ ધ્યાનમાં લેવામાં આવે તો તે આગળ વધે તે પહેલા જ તેના પર બ્રેક મુકવામાં આવી શકે છે. ડેન્ગ્યુ ફિવર એલર્ટને લઇને નિષ્ણાંતો કેટલીક વાતો કરે છે. તેજ તાવની સાથે સાથે આંખોની પાછળના હિસ્સામાં સતત પિડા રહે છે તો તે ડેન્ગ્યુના લક્ષણો હોઇ શકે છે. નિષ્ણાંત તબીબો કહે છે કે ડેન્ગ્યુ એક સેલ્ફ લિમિટિંગ રોગ તરીકે છે. જે પોતાની રીતે જ ઠીક થાય છે. જો કે તેને ઠીક થવામાં સાતથી ૧૨ દિવસનો સમય લાગી શકે છે. આમાં દર્દીને ઓઆરએસના મિશ્રણને આપવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે પેરાસિટેમોલની દવા પણ આપી શકાય છે. મિશ્રણ ડિહાઈડ્રેશનથી બચાવે છે. આવી જ રીતે તાવ ઉતારી દેવા માટે પેરાસિટેમોલ આપવામાં આવે છે. તેને લઇને ભયભીત થવાની કોઇ જરૂર દેખાતી નથી. પરંતુ જો શંકા છે તો ડોક્ટરને બતાવીને સારવાર લઇ શકાય છે. આ કોઇ ગંભીર બિમારી તરીકે નથી. ખુબ ઓછા લોકો જાણે છે કે ડેન્ગ્યુ ફિવર ત્રણ તબક્કામાં હોય છે. જે કુલ સાત-૧૨ દિવસ માટે હોય છે. પહેલાને ફેવરાઇલ સ્ટેજ તરીકે ગણવામાં આવે છે. આ તબક્કો ત્રણથી પાંચ દિવસ માટેનો હોય છે. તેમાં દર્દીને તાવ આવે છે. ગંભીરતા હોતી નથી. બીજો ક્રિટિકલ તબક્કો હોય છે. જે ૨૪-૪૮ કલાકનો હોય છે. જેમાં દર્દીની સ્થિતી બગડે છે. તે ત્રીજા દિવસ બાદથી થાય છે. તેમાં લિવરમાં ઇન્જાઇમ ૧૫ ગણા સુધી વધી જાય છે. ભોજન પચાવી લેવામાં તકલીફ પડે છે. શરીર અને હાથ પગમાં દુખાવો રહે છે. કમજોરી થવા લાગે છે. પ્લેટલેટ્સ ઘટવા લાગી જાય છે. પેટ અને ફેફસામાં પાણી ભરાઇ જાય છે. ત્રીજા તબ્કાકમાં રિજ્યુલેશનલ તરીકે હોય છે. જેમાં ડેન્ગ્યુની અસર ઘટવા લાગી જાય છે. કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તો ફાયદો થાય છે. ડેન્ગ્યુના કેટલાક ખાસ લક્ષણો રહેલા છે. જેમાં હાઇ ગ્રેડ ફિવર જે ૧૦૨ અન ૧૦૩ સુદી હોય છે. બીજુ લક્ષણ એ છે કે આંખની પાછળના હિસ્સામાં પિડા થાય છે. જેને રિટ્રો ઓર્બિટલ પેન તરીકે ગણવામાં આવે છે. આ પિડા મોટા ભાગે ડેન્ગ્યુના દર્દીઓમાં થાય છે. ત્રીજા લક્ષણમાં ડેન્ગ્યુની સ્થિતીમાં હાથ, પગ અને જોડમાં દુખાવો રહે છે. શરીર પર લાલ કલરના રેશેજ આવે છે. ૨૦ હજારથી વધારે કાઉન્ટ થવાની સ્થિતીમાં પ્લેટલેટ્સ ચઢવાથી નુકસાન થઇ શકે છે. તબીબો પર ક્યારેય કોઇ બાબત માટે દબાણ લાવવુ જોઇએ નહીં. હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ડેન્ગ્યુના રોગીઓને શારરિક શ્રમથી બચવાની જરૂર હોય છે.

આના કારણે પ્લેટલેટ્સ ઘટે છે. દર્દીને વધુને વધુ આરામ કરવા માટે કહેવામાં આવે તે જરૂરી હોય છે. જો તાવ આવે છે તો તબીબોની સલાહ પર માત્ર પેરાસિટેમોલ દવા આપવામાં આવે તે જરૂરી છે. કોઇ પેન કિલર ભુલીને પણ લેવી જોઇએ નહીં. ભરપુર પ્રમાણમાં લિક્વિડ ડાઇટ લેવામાં આવે તે જરૂરી હોય છે. જેમાં નારિયળ પાણી, છાશ, સુપનો સમાવેશ થાય છે. વધારે મશાલા ધરાવતી

ચીજોને ટાળવાની જરૂર હોય છે. મચ્છરોથી બચવા માટેના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. તેના માટે કોઇ વેક્સીન નથી. ડેન્ગ્યુ હાલના સમયમાં અમદાવાદ સહિત રાજયમાં ભારે આતંક મચાવી ચુક્યો છે. ડેન્ગ્યુના હજારો કેસો નોંધાઇ ચુક્યા છે. મોટી સંખ્યામાં લોકોના મોત પણ થઇ ચુક્યા છે.રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જવાના કારણે અનેક બિમારીઓ ઘેરી લે છે. આવા સમયમાં રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરવામાં આવે તે અતિ જરૂરી છે. રોગપ્રતિકારક ક્ષમતાને સરળતાથી સાવધાની રાખીને વધારી શકાય છે. શરીર સતત જુદા જુદા પ્રકારની બિમારીઓના જંતુઓનો સામનો કરે છે. આ જીવાણુઓના હુમલા રોગપ્રતિકારક ક્ષમતાના કારણે નિષ્ફળ જાય છે. શરીરમાં રોગપ્રતિકારક ક્ષમતા વધારવા માટે ઘણા પરિબળો છે. રોગપ્રતિકારક ક્ષમતા વધારવામાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા પાણીની રહે છે. આ કુદરતી દવા તરીકે છે. પૂરતા પ્રમાણમાં શુદ્ધ પાણીના ઉપયોગથી શરીરમાં જમા થતાં અનેક ઝેરી તત્વો બહાર નીકળી જાય છે અને રોગપ્રતિકારક ક્ષમતા વધી જાય છે.

**આના કારણે પ્લેટલેટ્સ ઘટે છે. દર્દીને વધુને વધુ આરામ કરવા માટે કહેવામાં આવે તે જરૂરી હોય છે. જો તાવ આવે છે તો તબીબોની સલાહ પર માત્ર પેરાસિટેમોલ દવા આપવામાં આવે તે જરૂરી છે. કોઇ પેન કિલર ભુલીને પણ લેવી જોઇએ નહીં.**

## તંત્રી લેખ...-

**શનિવાર, તા. ૨૧ માર્ચ ૨૦૨૬**

# અમેરિકા સાથે વેપારસંધિ મુલતવી રાખવાનું યોગ્ય

ઈરાન સામે એક લાંબો જંગ ચલાવી રહેલા અમેરિકાને વેપારી મોરચે પણ બે પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ મલેશિયાએ અમેરિકા સાથેના વેપાર કરારને રદ જાહેર કર્યો છે, તો બીજી તરફ ભારતે પણ વેપાર કરાર પર હસ્તાક્ષરે વિલંબમાં મુક્યા છે. ફેબ્રુઆરી મહિનામાં અમેરિકાની સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અલગ-અલગ દેશો પર લાદેલી ટેરિફને ગેરકાયદે જાહેર કરાયાને પગલે મલેશિયાએ આ પગલું લીધું છે, તો ભારતે પણ નવા વૈશ્વિક ટેરિફ માળખાંની જાહેરાત થાય તે પછી જ અમેરિકા સાથેની વચગાળાની ટ્રેડ ડીલ પર મહોર અટકાવી દીધી છે. આમ તો અમેરિકા સાથેના આ કરાર અંગે ગયા મહિને જ સંમતિ સધાઈ હતી, પણ તેમાં અમુક શરતો અંગે આરંભથી જ સવાલો ઊભા થયા હતા. અમેરિકાએ જે માળખાંમાં રહીને ટેરિફ નક્કી કરવાની દરખાસ્ત કરી હતી, તે ભારત માટે નુકસાની ઊભી કરી શકે એવી છાપ ઊભી થઈ હતી. એવા પણ સંકેત મળી રહ્યા હતા કે, આ મામલે ભારત અમેરિકાને ફેરવિચાર માટે આગ્રહ કરી શકે છે, પણ હવે ભારતે સ્પષ્ટ કર્યું છે કે, ટેરિફનું નવું વૈશ્વિક માળખું તૈયાર થશે નહી ત્યાં સુધી આ વચગાળાના વેપાર કરાર પર હસ્તાક્ષર થશે નહી. ભારત સાથેના અમેરિકાના આ કરારના સંદર્ભમાં મલેશિયાએ લીધેલા વલણ જેવી જ સ્થિતિ કારણરૂપ છે. અમેરિકાની સર્વોચ્ચ અદાલતે જૂના ટેરિફના દરને અમાન્ય જાહેર કર્યા બાદ ટ્રમ્પ સરકારને તેના વૈશ્વિક વેપાર માળખાં માટે વેરાના નવા દર નક્કી કરવાની જરૂરત ઊભી થઈ છે. ભારત સાથેના કરારમાં પણ ટેરિફના દર નક્કી કરવાના સમાન માપદંડ ન હોવાને લીધે ભારત માટે તે અનુકુળ થાય તેમ ન હતી. બંને દેશ વચ્ચે આ કરારના મુદ્દા અંગે વાટાઘાટો આગળ વધી રહી છે, પણ હવે હાલની પરિસ્થિતિઓને ધ્યાને લઈને ભારત આ કરારના માળખાંને બદલવા માટે દબાણ કરી શકે છે. ખાસ તો અમેરિકાએ આ કરારના મુસદ્દામાં ટેરિફના દરોની સાથોસાથ ભારત રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદશે નહી એવી શરત પણ હતી. ભારત માટે આ એક મુશ્કેલ સ્થિતિ હતી. પણ છેલ્લા થોડા દિવસ અગાઉ આરબ દેશોની સ્ફોટક સ્થિતિને લીધે ક્રૂડ તેલનો પુરવઠો રૂંધાયો છે, ત્યારે આ શરત સામે સવાલ પણ ખડા થયા હતા. અમેરિકાએ થોડા સમય માટે ભારત રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદીને પોતાની જરૂરત પૂરી કરી શકે છે એવી જાહેરાત પણ કરી હતી. હવે અમેરિકાને તેના યુદ્ધના ખર્ચને પહોંચી વળવા આર્થિક વેપારને વધારવાની તાતી જરૂરત ઊભી થશે. આવા સંજોગોમાં ભારતે પોતાના હિતોને જાળવીને નવી શરતો સાથે નવા કરાર માટે કમર કસવાની જરૂરત રહેશે. હાલની તકે વચગાળાના કરાર પર હસ્તાક્ષર રોકીને ભારતે યોગ્ય પગલું લીધું છે. વાટાઘાટોના ચાલતા દોરમાં ભારતે હવે હાલની વૈશ્વિક સ્થિતિને ધ્યાને લેવાની સાથોસાથ અમેરિકાની નવા ટેરિફ માળખાંની રાહ જોવાનું લીધેલું વલણ પરિપક્વતા દર્શાવે છે.

**એવા પણ સંકેત મળી રહ્યા હતા કે, આ મામલે ભારત અમેરિકાને ફેરવિચાર માટે આગ્રહ કરી શકે છે, પણ હવે ભારતે સ્પષ્ટ કર્યું છે કે, ટેરિફનું નવું વૈશ્વિક માળખું તૈયાર થશે નહી ત્યાં સુધી આ વચગાળાના વેપાર કરાર પર હસ્તાક્ષર થશે નહી.**

# હંમેશા ચુસ્ત અને ફિટ રહેવા શુ કરવું

કોરોના વાયરસના કારણે હાલમાં લોકોમાં ભારે ફફડાટ છે ત્યારે લોકો ફિટનેસને જાળવવા માટે દરેક પ્રવૃતિ કરી રહ્યા છે. રોગ પ્રતિકારક ક્ષમતાને લોકો વધારી રહ્યા છે. વધતા જતા કોરોનાના ખતરા વચ્ચે ફિટનેસને જાળવી રાખવા માટે મોટા ભાગના લોકો ધ્યાન આપી શકતા નથી. શિસ્ત નહીં પાળનાર લોકો કેટલીક વખત ભુખ કરતા વધારે ભોજન કરી લે છે. આરામ કરવાના ઈચ્છુક લોકો આવી ટેવ ધરાવે છે. જો કે હાલમાં સ્વસ્થ અને ફિટ રહેવા માટે લોકો બનતા તમામ પ્રયાસો કરે તે જરૂરી છે. કેટલાક લોકો તો ફિટનેસને હાંસલ કરવા માટે જંગી રકમ ખર્ચ કરી નાંખે છે. છતાં કેટલાક લોકો આરોગ્ય મેળવી લેવામાં સફળ રહેતા નથી. હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સારી હેલ્થ રાખવા માટે હમેંશા જેટલી ભુખ હોય તેના કરતા ઓછા પ્રમાણમાં ભોજન કરવુ જોઇએ. આંતરડા અમારા પાચન તંત્રના મુખ્ય અંગ તરીકે છે. મોટા આંતરડા અને નાના આંતરડા અમારી પાચન ક્રિયામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. નિષ્ણાંત તબીબો કહે છે કે અમે જે ભોજન કરીએ છીએ તેમાંથી આંતરડા સારી અને સ્વસ્થ તેમજ પૌષ્ટિક ચીજો કાઢે છે. જયારે ઝેરી ચીજોને શરીરની બહાર કાઢી નાંખે છે. આંતરડા પણ યોગ્ય રીતે કામ કરી શકે તે માટે પણ કેટલાક પગલા લેવાની જરૂર હોય છે. આંતરડાને સ્વસ્થ રાખવા માટે પણ કેટલાક પગલા લેવા જોઇએ. નિષ્ણાંત લોકો કહે છે કે પોતાની ભુખ કરતા હમેંશા ઓછા પ્રમાણમાં ભોજન કરવાથી લાભ થાય છે. જયારે ભુખ કરતા વધારે પ્રમાણમાં જમવાના કારણે આરોગ્યની સમસ્યા ઉભી થઇ શકે છે. વધારે જમવાથી માત્ર વજન વધતુ નથી. સાથે સાથે અમારા આંતરડાની સક્રિયતા ઓછી હોય છે. કારણ કે વધારે પ્રમાણમાં ભોજન કરવાથી આંતરડાને પાચનમાં ભારે તકલીફ પડે છે. પોતાના ભોજનમાં ઉચ્ચ ફાયબરમુક્ત ભોજનને સામેલ કરવાથી આના કારણે ફાયદો થાય છે. ફાયબરયુક્ત ભોજન કરવાથી ફાયદો થાય છે. તે સારી રીતે પચી જાય છે. તે આંતરડાને વધારે સક્રિય પણ રાખે છે. વાસી ભોજન કરવાથી દુર રહેવાની પણ હમેંશા જરૂર હોય છે. વાસી ચીજો ખાવાથી કેટલીક તકલફ ઉભી થઇ જાય છે. ખોરાકી ઝેરની અસર થઇ શકે છે. તે પાચન સંબંધિત તકલીફને જન્મ આપે છે. ફાઇબરયુક્ત સંતુલિત ચીજો ભોજનમાં ઉપયોગમાં લેવામાં આવે તે જરૂરી છે. શાકભાજી, ફળફળાદી , અનાજ અને નટ્સમાં ફાઇબર ચીજો વધારે પ્રમાણમાં ઉપયોગમાં લેવાથી ફાયદો થાય છે. ફાઇબર આપના આંતરડાને સ્વસ્થ કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. પાણી પિવાના કેટલાક ફાયદા છે. આના કારણે અમે અમારા શરીરમાં રહેલા ઝેરી પદાર્થોને બહાર કરી દઇએ છીએ. આંતરડાને પણ સ્વસ્થ રાખીએ છીએ. જો તમે વધારે પ્રમાણમાં ફાયબર ભોજનમાં લઇ રહ્યા છો અને સાથે સાથે પુરતા પ્રમાણમાં પાણી પિતા નથી તો આપના આંતરડાને નુકસાન થઇ શકે છે. જેથી પુરતા પ્રમાણમાં પાણી પિવામાં આવે તે જરૂરી છે. જો તમે માંસાહારી છો અથવા તો નોન વેજેટેરિયન છો તો લીન મીટનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે આંતરડાની ગતિવિધી સ્વસ્થ રહે છે. લીન મીટના કારણે ભોજન સરળતાથી પચી જાય છે. સાથે સાથે આંતરડા સારી રીતે કામ કરે છે. તેમાં પોષ્ટિક તત્વો હોય છે. જે ઇમ્યુનિટી પાવરને મજબુત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. લીન મીટ જેમ કે ફિશનો ઉપયોગ કરવાથી વધારે ફાયદો થાય છે. તેમાં પુરતા પ્રમાણમાં પ્રોટીન હોય છે. જે પાચન ક્રિયાને મજબુત બનાવે છે. સાથે સાથે પ્રોટીનની કમીને દુર કરે છે. રેડ મીટનો ઉપયોગ ન કરવાની સલાહ નિષ્ણાંતો આપે છે. રેડ મિટમાં વાસી પદાર્થોનુ પ્રમાણ વધારે હોય છે. જેના કારણે શરીરમાં વજન વધી શકે છે. આ ઉપરાંત તેમાં રહેલ કોલેસ્ટ્રોલ આંતરડા પર માઠી અસર કરે છે. આયુર્વેદ નિષ્ણાંત કહે છે કે આંતરડાને સ્વસ્થ રાખવા માટે આરામ કરવાની જરૂર હોય છે. પુરતા પ્રમાણમાં ભોજન કરવાની ટેવ હમેંશા ઉપયોગી રહે છે.

**અમેરિકા કશું સ્વાર્થ વિના કરતું નથી તેથી આરબ દેશોની ઈમેજના ધોવાણ પાછળ પણ અમેરિકાની ગણતરી છે**

# ઈરાન મરો, આરબો મરો પણ અમેરિકાનું તરભાણું ભરો

## આરબ દેશોમાં સમૃદ્ધિ ભારે છે ને કાયદા આકરા છે તેથી ગુનાખોરી પણ સાવ ઓછી છે.

ગુજરાતીમાં કહેવત છે કે, વર મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો. દુનિયામાં અત્યારે એવી જ સ્થિતિ છે. ઈરાન અને ઈઝરાયલ સામસામે ભિડાઈ ગયાં છે તેમાં ઈરાનનાં લોકો મરી રહ્યાં છે. ઈરાન અમેરિકા સામેનો ખાર સાઉદી અરેબિયા, કતાર, યુએઈ વગેરે આરબ દેશો પર કાઢી રહ્યું છે તેથી આરબોનો પણ કચ્ચરઘાણ નીકળી રહ્યો છે ત્યારે અમેરિકા મસ્ત મજાનો ધંધો કરીને રોકડી કરી રહ્યું છે.

અમેરિકાએ ગયા અઠવાડિયે જ ઈરાનના હુમલાના ખતરાનો સામનો કરી રહેલા યુએઈ, કુવૈત અને જોર્ડનને ૧૬.૫ અબજ ડૉલરનાં શસ્ત્રો વેચ્યાં હતાં. હવે ડોનલ્ડ ટ્રમ્પે યુએઈને બીજાં ૭ અબજ ડૉલરનાં શસ્ત્રો ધાબડી દેવાનું નક્કી કરતાં અઠવાડિયામાં જ અમેરિકાને ૨૩.૫ અબજ ડૉલરની કમાણી થઈ ગઈ છે. આ વેપલા મારફતે અમેરિકા યુએઈને એર-ડીફેન્સ સિસ્ટમ આપશે.

અમેરિકા રડાર ગીયર અને બીજી અત્યાધુનિક સિસ્ટમ્સ પણ આપશે કે જેથી ઈરાનના મિસાઈલ હુમલા સામે પોતાના ક્રુડ ઓઈલના ભંડારોનું રક્ષણ કરી શકાય. અમેરિકા યુએઈને ૫.૬ અબજ ડૉલરનાં પેટ્રિયટ પીએસી-૩ મિસાઈલ તથા સીએચ-૪૭ ચિનુક હેલિકૉપ્ટર્સ પણ આપવાનું છે. તેનો મતલબ એ થયો કે, અમેરિકા યુએઈને પણ આ યુદ્ધમાં જોડાઈને ઈરાન પર હુમલા કરવા માટે તૈયાર કરી રહ્યું છે. અમેરિકા દુનિયાના દેશોને કેટલાં શસ્ત્રો વેચે છે તેની વિગતો જાહેર કરતું નથી તેથી આ સોદાની વિગતો પણ જાહેર નહોતી કરી પણ મીડિયામાં પેપર ફૂટી ગયું તેમાં વિગતો બહાર આવી ગઈ.

આ શસ્ત્ર સોદો અમેરિકાનો અસલી ચહેરો છતો કરે છે. અમેરિકાએ ઈરાન પરમાણુ સત્તા બની જાય તો દુનિયા પર ખતરો વધશે એવો ડર બતાવીને ઈરાન પર હુમલો કર્યો છે પણ તેનો અસલી ઈરાદો યુદ્ધ કરાવીને શસ્ત્રો વેચવાનો છે એ સ્પષ્ટ થઈ ગયું છે. પોતે ઈરાન પર હુમલો કરશે એટલે ઈરાન પોતાના સાથી દેશો પર

હુમલા કરશે તેની અમેરિકાને ખબર હતી જ. ઈરાનના હુમલાના કારણે સાથી દેશો ફફડીને પગ પકડતા પોતાની પાસે આવશે ને અમેરિકાનો માલ વેચાશે તેની પણ ડોનલ્ડ ટ્રમ્પને ખબર હતી જ. અત્યારે એવું જ થઈ રહ્યું છે ને ડોનલ્ડ ટ્રમ્પની સ્ક્રિપ્ટ પ્રમાણે બધું ચાલી રહ્યું છે તેથી અમેરિકાના બેઉ હાથમાં લાડુ છે.

અક્કલના ઓથમીર આરબ દેશોને આ યુદ્ધના કારણે તેમને લાંબા ગાળે કેવું નુકસાન થશે તેનો તો અંદાજ જ નથી. આરબ દેશોની ગણના કટ્ટરવાદી મુસ્લિમ દેશોમાં થતી પણ છેલ્લાં કેટલાંક વરસોથી આરબ દેશો આ છાપ બદલવામાં સફળ થયા છે. તેની શરૂઆત યુએઈએ કરી ને હવે સાઉદી સહિતના બધા દેશો એ રસ્તે ચાલી રહ્યા છે. વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ને લક્ઝુરીયસ સવલતો દ્વારા યુએઈ સહિતના દેશો મોટા પ્રમાણમાં વિદેશી રોકાણકારોને આકર્ષી રહ્યા છે.

આરબ દેશોમાં સમૃદ્ધિ ભારે છે ને કાયદા આકરા છે તેથી ગુનાખોરી પણ સાવ ઓછી છે. આ કારણે પહેલાં દુનિયાભરના ધનિકો દુબઈમાં પ્રોપર્ટી ખરીદીને રહેવા લાગ્યા ને પછી અપર મિડલ ક્લાસ પણ મોટા પ્રમાણમાં પ્રોપર્ટી ખરીદી રહ્યો હતો. આ ખરીદીના કારણે દુબઈ વિશ્વમાં હોટેસ્ટ પ્રોપર્ટી હબ બની ગયું છે. દુબઈની વધતી સમૃદ્ધિ જોઈને સાઉદી સહિતના દેશો પણ એ જ રસ્તે વળ્યા છે અને ધનિકોને પસંદ પડે એ પ્રકારનું વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યું છે. સાઉદી તો પોતે એક આખું નવું શહેર જ વિકસાવી રહ્યું છે કે જ્યાં દુનિયાભરના ફાયનાન્સિયલ નિષ્ણાતો આવીને રહી શકે. સાઉદીના પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન તો સાઉદીને વર્લ્ડમાં સૌથી જોરદાર સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતું ડેસ્ટિનેશન પણ બનાવવા માગે છે.

આ સપનું સાકાર કરવામાં હવે પંક્ચર પડી ગયું છે કેમ કે ઈરાનના હુમલાને કારણે સાઉદી અરેબિયા અને દુબઈ સહિતના આરબ દેશો સલામત નથી એવી છાપ પડી ગઈ છે તેથી લોકો ત્યાંથી ભાગી રહ્યા છે. જાન હૈ તો જહાંન હૈ એમ સમજીને લોકો બધું મૂકીને પોતપોતાનાં દેશોમાં પાછા ફરી રહ્યા છે. દુબઈ સહિતના સ્થળોએથી વિમાની સેવા પણ અનિયમિત થઈ રહી છે તેથી ફફડાટ વધી રહ્યો છે.

યુદ્ધ કેટલું લાંબું ચાલશે એ ખબર નથી પણ તેના કારણે આરબ દેશોની ઈમેજ સાવ બગડી ગઈ. તેના કારણે ભવિષ્યમાં નવા રોકાણકારો આવતાં ગભરાશે. જે રોકાણકારો રોકાણ કરીને બેસી ગયા છે એ ભેરવાઈ ગયા છે એવું અનુભવશે તેથી બહાર નીકળવા માટે જે ભાવ મળે એ ભાવે પ્રોપર્ટીઓ કાઢશે તેમાં પ્રોપર્ટી માર્કેટ પણ બેસી જશે. યુએઈ અને સાઉદી બંને પોતાના અર્થતંત્રને ક્રૂડ ઓઈલ આધારિત રહેવા દેવા નથી માગતા તેથી આ બધી મણાતમણ કરતા હતા પણ અમેરિકાએ ઈરાન પર આક્રમણ કરીને આ બધી મથામણ પર પાણી ફેરવી દીધું છે.

અમેરિકા કશું સ્વાર્થ વિના કરતું નથી તેથી આરબ દેશોની ઈમેજના ધોવાણ પાછળ પણ અમેરિકાની ગણતરી છે જ. દુબઈ સહિતના આરબ દેશોમાં રોકાણ કરનારા મોટા ભાગના એવા દેશ છે કે જ્યાં આર્થિક રીતે લોકોને ભાવિ ઉજજવળ નથી લાગતું ને આર્થિક સલામતી ફીલ નથી થતી. ભારત અને ચીન પણ આ કેટેગરીના દેશો છે તેથી આ બંને દેશનાં લોકો પણ મોટા પ્રમાણમાં દુબઈ, સાઉદીમાં રોકાણ કરીને બેઠા છે. હવે આ બધા કઈ તરફ વળવાના ? અમેરિકા તરફ વળવાના. યુરોપના દેશો પણ વિકલ્પ છે પણ યુરોપમાં બીજા દેશોનાં લોકો માટેની એન્ટ્રી માટેના નિયમ બહુ આકરા છે ને કમાણીના ચાન્સ પણ અમેરિકા જેવા નથી તેથી બધા અમેરિકા તરફ જ વળે.

સુન્ની આરબ દેશો શિયાઓ તરફની નફરતમાં એટલા આંધળા છે કે તેમને આ વાત સમજાતી નથી. એ લોકો અમેરિકા અને ઈઝરાયલને ઈરાન પર હુમલા કરવા માટે ઉશ્કેરીને પોતાના જ પગ પર કુહાડો મારી રહ્યા છે. તેમને એમ છે કે, અમેરિકા ઈરાનને મસળી નાખીને ત્યાં પણ સુન્નીઓને સત્તા સોંપી દેશે પછી આખી દુનિયાના શિયાઓએ પોતાના પગ પકડીને જીવવું પડશે પણ અમેરિકાને ઈરાનને સંપૂર્ણ મસળી નાખવા કરતાં વધારે રસ પોતાનાં હિતો સાચવવામાં છે તેથી આ યુદ્ધ પતવાનું નથી ને ઈરાનમાં કદી સુન્નીઓની સત્તા આવવાની નથી.

આરબ નેતાઓમાં સમજદારીનો છાંટો પણ હોય તો તેમણે અમેરિકાની ચાલ સમજીને યુદ્ધથી પોતાને અલિપ્ત કરી દેવાની જરૂર છે. ટ્રમ્પ યુરોપના દેશોને યુદ્ધમાં સામેલ કરીને યુદ્ધને ઉગ્ર બનાવવા માગતા હતા કે જેથી અમેરિકાનાં શસ્ત્રોનો ધંધો ધિકતો થાય પણ નાટોના અમેરિકાના સાથી દેશો શાણપણ બતાવીને ઘસીને ના પાડી દીધી. આરબ દેશોએ પણ આ શાણપણ બતાવીને અમેરિકાથી દૂર થવાની જરૂર છે.

**માર્ચ ૨૦૨૬ પહેલાં સુધી ક્રૂડ ઓઈલના ભાવ બેરલના ૭૦ ડોલરની આસપાસ હતા**

# ટ્રમ્પની સનક ઘણા દેશોનાં અર્થતંત્રને બરબાદ કરી દેશે

- આ હુમલાથી ભડકેલા સાઉદી અરેબિયા સહિતના ૧૨ દેશોએ ઈરાન પર હુમલાની ધમકી આપતાં યુદ્ધ બીજા દેશો લગી ફેલાય એવો પણ ખતરો ઊભો થયો છે. સ

અમેરિકા-ઈઝરાયલ વર્સીસ ઈરાન યુદ્ધ ઉગ્ર બનતું જાય છે અને બંને છાવણીઓ એકબીજાના ઓઈલ અને ગેસ ફિલ્ડ પર હુમલા શરૂ કરતાં આખી દુનિયાની પત્તર ખંડાઈ જશે એવું લાગે છે. ઈઝરાયલે ઈરાનના સૌથી મોટા મનાતા ‘પાર્સ’ ગેસ પ્લાન્ટ પર હુમલો કર્યો તેના જવાબમાં ઈરાને કતારના સૌથી મોટા ગેસ પ્લાન્ટ ‘રાસ લફાન’ પર મિસાઈલો છોડી તેમાં કતારના પ્લાન્ટમાં આગ લાગી ગઈ. કતારે મહામહેનતે આગ પર કાબૂ મેળવ્યો પણ કલાકો લગી ચાલેલી આગના કારણે કતારને ભારે નુકસાન તો થયું જ છે.

આ હુમલાથી ભડકેલા સાઉદી અરેબિયા સહિતના ૧૨ દેશોએ ઈરાન પર હુમલાની ધમકી આપતાં યુદ્ધ બીજા દેશો લગી ફેલાય એવો પણ ખતરો ઊભો થયો છે. સાઉદી અરેબિયા સહિતના દેશો ઈરાન પર હુમલો કરે તો ઈરાન ચૂપ બેસવાનું નથી. ઈરાને અત્યારે કતારના ગેસ પ્લાન્ટને ભડકે બાળ્યો છે એ રીતે સાઉદી અરેબિયા સહિતના દેશોના ક્રૂડ ઓઈલના ભંડારો પર હુમલા કરીને તેમને પણ ભડકે બાળે જ ને સામે સાઉદી સહિતના આરબ દેશોની વહારે આવીને અમેરિકા પણ હુમલા વધારે એ જોતાં પછી યુદ્ધ પોઈન્ટ ઓફ નો રિટર્ન સ્થિતિમાં પહોંચી જાય. અત્યારે બંને છાવણી વચ્ચે જબરદસ્ત યુદ્ધ નહીં પણ છમકલાં ચાલી રહ્યાં છે છતાં ક્રૂડના ભાવ ભડકે બળી રહ્યા છે. માર્ચ ૨૦૨૬ પહેલાં સુધી ક્રૂડ ઓઈલના ભાવ બેરલના ૭૦ ડૉલરની આસપાસ હતા પણ અમેરિકા-ઈઝરાયલ વર્સીસ ઈરાન યુદ્ધ શરૂ થયું ને પશ્ચિમ એશિયામાં અશાંતિ થઈ તેમાં ક્રૂડ ભડકે બળી રહ્યું છે. ભારત પેટ્રોલ-ડીઝલ માટે બ્રેન્ટ ક્રૂડ ખરીદે છે અને બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૧૦ ડૉલરને પાર થઈ ગયા છે. ઈરાને સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ બંધ કરીને જહાજોની અવરજવર રોકી દીધી તેમાં મોટી સંખ્યામાં ટેન્કરો અટવાયાં છે અને ક્રૂડ તથા ગેસની તંગી વર્તાવા લાગી છે. ભારત પોતાની ક્રૂડની ખરીદીમાંથી ૬૦ ટકાથી વધુ ક્રૂડ આ રસ્તે મગાવે છે. ઈરાને ભારતને મિત્ર રાષ્ટ્ર ગણાવીને તેનાં જહાજ નહીં રોકાય એવી ખાતરી આપી છે પણ બીજા દેશોનાં જહાજ રોકી દેવાયાં તેમાં રસ્તો અવરોધાયો છે જ તેથી પહેલાંની જેમ સરળતાથી જહાજો આવ-જા નથી કરી શકતાં. ઈરાને જહાજો નથી રોક્યાં એવી સ્પષ્ટતા ભારતના વિદેશ મંત્રાલયે પણ કરી છે પણ સમસ્યા એ નથી. સમસ્યા આ ખાડી પાસે અટવાયેલાં જહાજોનો થઈ રહેલો ખડકલો છે. રોડ પર ટ્રાફિક જામ થાય ને કાર ફસાઈ જાય એ રીતે ભારતનાં પણ અનેક જહાજો ફસાયેલાં છે. આ જહાજ રોકાવાનાં નથી પણ સમયસર ભારત પહોંચી પણ શકતાં નથી તેથી ક્રૂડ અને ગેસની અછત તો થવા માંડી જ છે. સરકાર હજુ ઓલ ઈઝ વેલનો રાગ આલાપી રહી છે પણ ઠેકઠેકાણે નેચરલ ગેસ પર ચાલતા ઉદ્યોગો બંધ થઈ રહ્યા છે ને કોમર્શિયલ ગેસની અછત ઊભી થઈ છે તેના પરથી સ્પષ્ટ છે કે, સ્થિતી બેકાબૂ થઈ રહી છે. સરકારના દાવા સો ટકા સાચા નથી અને સમસ્યા છે જ. ભારત સહિતના ઘણા દેશોમાં ગેસની અછત ઊભી થતાં લોકો રાડારાડ કરી રહ્યાં છે ત્યારે યુદ્ધ વધારે ભડકે તો શું થાય તેની કલ્પના જ થઈ શકે તેમ નથી. હજુ ગેસની જ મોંકાણ મંડાઈ છે પણ યુદ્ધ વધારે ભડકે તો પેટ્રોલ-ડીઝલની મોંકાણ પણ શરૂ થઈ જાય ને લોકોની હાલત બગડી જાય. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે પહેલાં પણ યુદ્ધ થયેલાં છે. બલ્કે છેલ્લાં કેટલાંક વરસોથી બંને લડ્યા જ કરે છે. આગલા વરસે હમાસે ઈઝરાયલમાં કાળો કેર વર્તાવ્યો ત્યારે પણ બંને વચ્ચે જંગ જામ્યો જ હતો. એ વખતે હુમલા એકબીજાના વિસ્તારો પૂરતા મર્યાદિત હતા પણ આ વખતે ક્રૂડ ઓઈલના ભંડારોને ટાર્ગેટ કરાઈ રહ્યાં છે. આ સંજોગોમાં દુનિયામાં ભવિષ્યમાં પેટ્રોલ-ડીઝલ કે ગેસની અછત સર્જાય ને તેના કારણે અંધાધૂંધી થઈ જાય એ ખતરો છે. આ સ્થિતિ ના આવે એ માટે ઈઝરાયલ-અમેરિકા ખમૈયા કરે એ જરૂરી છે. અત્યારે ઈરાન શાંત નથી ને ઈઝરાયલ તથા આરબ દેશો પર મિસાઈલો છોડીને તબાહી વેરી જ રહ્યું છે પણ ઈરાન જે કંઈ કરી રહ્યું છે એ જવાબી કાર્યવાહી છે. હુમલાની શરૂઆત ઈઝરાયલ-અમેરિકાએ કરી ને પોતાના પર હુમલો થાય એટલે કોઈ પણ દેશ જવાબ આપે જ. ઈરાન પણ એ રીતે જ જવાબ આપી રહ્યું છે તેથી ઈરાન બહુ વાંકમાં નથી. વાંકમાં અમેરિકા છે તેથી હુમલા બંધ કરવાની શરૂઆત અમેરિકાએ કરવી પડે. ઈઝરાયલ પણ હુમલા અમેરિકાના ઈશારે જ કરી રહ્યું છે એ જોતાં અમેરિકા હુમલા બંધ કરે કે તરત ઈઝરાયલ પણ ઠંડુ થઈને બેસી જાય. કમનસીબે અત્યારે ઈઝરાયલ-અમેરિકા શાંત થઈને બેસી જાય એવું લાગતું નથી કેમ કે ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન સામેના જંગને અંગત પ્રતિષ્ઠાનો ને વધારે તો અહમનો પ્રશ્ન બનાવી દીધો છે. ટ્રમ્પે ઈરાન પર હુમલો કરવા માટે એવું કારણ આપ્યું કે, ઈરાન પરમાણુ શસ્ત્રો બનાવી રહ્યું છે તેના કારણે આખી દુનિયા પર ખતરો છે. ઈરાનને પરમાણુ સત્તા બનતું રોકવા માટે હુમલો કરવો જરૂરી છે. ટ્રમ્પની આ વાત સાચી છે કે ખોટી એ ખબર નથી પણ ટ્રમ્પે તેના કોઈ પુરાવા દુનિયા સામે મૂક્યા નથી. બીજું એ કે, ટ્રમ્પની પોતાની જ સરકાર ટ્રમ્પથી વિરોધાભાસી દાવા કરી રહી છે. અમેરિકાની ગુપ્તચર એજન્સીના ચીફ તુલસી ગબાર્ડે કહ્યું છે કે, ગયા વર્ષે જૂનમાં થયેલા હુમલા પછી ઈરાનની પરમાણુ શક્તિ લગભગ ખતમ થઈ ગઈ હતી અને ઈરાને પોતાનો ન્યુક્લિયર પ્રોગ્રામ ફરી શરૂ કર્યો નથી. ગબાર્ડનો દાવો ટ્રમ્પના દાવાથી અલગ છે તેના પરથી સ્પષ્ટ છે કે, ટ્રમ્પે હુમલો કર્યો એ માટે કોઈ નક્કર કારણ નથી. અમેરિકાની ગુપ્તચર એજન્સીનાં ચીફ પોતે ટ્રમ્પના દાવાને ખોટો ગણાવતાં હોય પછી ટ્રમ્પ અહમ સંતોષવા માટે જ હુમલો કરી રહ્યા છે તેનો બીજો શું પુરાવો જોઈએ? ટ્રમ્પ સનકી છે અને પોતાની પહેલી ટર્મથી જ ઈરાનને સીધું દોર કરી નાંખવાના તેમને ચળ ઉપડી હતી. આ ખંજવાળ મટાડવા તેમણે હુમલો કરી દીધો છે તેથી વાર્યા એ વળવાના નથી. નાટોના દેશો તેમની સાથે નથી ને સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ ખાલી કરાવવા ઈરાન પર હુમલો કરવાના કામમાં સાથ આપવાનો તેમણે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છતાં ટ્રમ્પ પાછા વળવા તૈયાર નથી એ જોતાં ઈરાન ટ્રમ્પને જોરદાર ફટકો મારીને તેમની સાન ઠેકાણે લાવે એ જ રસ્તો બચે છે. બાકી ટ્રમ્પની સનકના કારણે દુનિયાના ઘણા દેશોનાં અર્થતંત્ર બરબાદ થઈ જશે.

**મિત્રતા દિવસના હાર્દિક અભિનંદન અને શભેચ્છાઓ...**

# મિત્રતા એટલે વાત વિનાની વાતો અને નાત વગરનો નાતો

## જીવનની દરેક પળે સાથ આપનાર મિત્રને આભાર વ્યક્ત કરવા માટે ’ફ્રેન્ડશિપ ડે’ મનાવવામાં આવે છે.

દુનિયામાં દોસ્તીનો સંબધ ના હોત, તો ખબર જ ના પડત કે, પારકા પણ પોતાનાથી વધારે પ્રેમ કરી શકે છે.મિત્રતા એટલે અવ્યક્ત લાગણીનો રોજ ઉજવાતો મહોત્સવ.દોસ્તીનો સંબંધ બધા સંબંધોથી ઉપર છે. કોઈ સ્વાર્થ નહી, કોઈ અભિમાન નહીં, સારું લગાડવાનો કોઈ ભાર નહી અને ખરાબ લાગી જવાનો કોઈ ભય નહી, આવું માત્ર ને માત્ર દોસ્તીમાં જ સંભવ છે. બાકીના તમામ સંબંધમાં કંઈક ને કંઈક તકલીફો પડે છે. છોકરો હોય કે છોકરી, દરેકની લાઈફમાં દોસ્તીનું એક આગવું મહત્વ હોય છે. જિંદગીની કેટલીક વાતો અને કેટલીક ઘટનાઓ એવી હોય છે જે માત્ર ને માત્ર મિત્રને જ ખબર હોય છે. આપણા દરેક કારનામામાં મિત્ર ભાગીદાર હોય છે. આપણી મોટાભાગની સુટેવો કે કુટેવોનો આરંભ મિત્રો સાથે જ થયો હોય છે. મિત્રો પાછળ ’મરવું’ નહીં, મિત્રો માટે ’જીવવું’. મિત્રો સાચા કે ખોટા, સારા કે ખરાબ, પ્રિય કે અપ્રિય હોતા જ નથી; મિત્ર મિત્ર જ હોય છે. તે બીજું કશું હોઈ જ ન શકે.

આજે પણ ભગવાન કૃષ્ણ અને સુદામાની પવિત્ર મિત્રતાને યાદ કરાય છે. મિત્રતાનો સંબંધ એ દુનિયાના બધા જ સંબંધોમાં મહત્વની કડી છે.મિત્ર, દોસ્ત આ એક એવો સંબંધ છે માણસ પોતે બનાવે છે, બાકીના બધા સંબંધતો જન્મથી જ બની જાય છે જેમ કે માતા-પિતા ભાઈ-બેન કાકા-કાકી બધા, પણ મિત્રતા એક સંબંધ છે જે સગો ન હોવા પણ બધા સંબંધોથી અલગ છે. જે કોઈ પણ ઉંમરના માણસની સાથે કે કોઈ પણ વ્યકિતથી થઈ શકે છે. મિત્રતા માત્ર મજાકમસ્તી કરવા પૂરતી સીમિત નથી, પરંતુ એ એક ઈમોશનલ બૉન્ડ પણ બાંધે છે જે ફિઝિકલ અને મેન્ટલ હેલ્થને મજબૂત બનાવે છે.

જીવનની દરેક પળે સાથ આપનાર મિત્રને આભાર વ્યક્ત કરવા માટે ’ફ્રેન્ડશિપ ડે’ મનાવવામાં આવે છે. પણ શુ તમે જાણો છો કે આ ’ફ્રેન્ડશિપ ડે’ની શરૂઆત ક્યારે થઈ અને ક્યારથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.ભારતમાં ઓગસ્ટ મહિનાના પ્રથમ રવિવારને ’ફ્રેન્ડશિપ ડે’ માનવામાં આવે છે. ’ફ્રેન્ડશિપ ડે’ મનાવવાની શરૂઆત પશ્ચિમી દેશોથી થઈ હતી. પણ છેલ્લા કેટલાક વર્ષોથી ’ફ્રેન્ડશિપ ડે’ ભારતમાં પણ ખૂબ જ લોકપ્રિય છે. ’ફ્રેન્ડશીપ ડે’ની શરૂઆત ૧૯૩૫માં અમેરિકાથી થઈ હતી. કહેવામાં આવે છે કે ઓગસ્ટ પહેલા રવિવારના રોજ યુ.એસ. સરકારે એક નિર્દોષ વ્યક્તિને મારી નાખ્યો હતો અને તેના દુઃખમાં તેના મિત્રોએ આત્મહત્યા કરી હતી. ત્યારબાદ દક્ષિણ અમેરિકાના લોકોએ આંતરરાષ્ટ્રીય ’ફ્રેન્ડશીપ ડે’ (હીહિટ્ર્વૈહટ્વઙ?મ ક્ષ્લિહદ્ધજરૈ ક્ટ્વઅ) મનાવવાની રજૂઆત યુ.એસ. સરકારને કરી હતી. આ દુર્ઘટના બાદ લોકોના આ પ્રસ્તાવને

પહેલા તો સરકારે ના પાડી હતી પરંતુ લોકોના ગુસ્સાને શાંત કરવા માટે યુ.એસ. સરકારે લગભગ ૨૧ વર્ષ પછી ૧૯૫૮માં આ પ્રસ્તાવને મંજૂર કર્યો. ત્યારબાદ ઓગસ્ટના પહેલા રવિવારે ’ફ્રેન્ડશીપ ડે’ની ઉજવણી શરૂ થઈ.

મિત્રતાના ફાયદા શું છે?

હાર્વર્ડ યુનિવર્સિટીએ ૧૯૩૮ માં રિસર્ચ કરવાનું ચાલુ કર્યું તેના ૮૫-વર્ષના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે જીવનમાં સૌથી મહત્વની વસ્તુ જે તમને સુખ આપે છે તે તમારા મિત્રો સાથેના હકારાત્મક સંબંધો તેમનું એક મુખ્ય પરિબળ છે. જેનાથી તમે લાંબુ તંદુરસ્તીમય જીવન જીવી શકો છો.સારા મિત્રો તમારા સ્વાસ્થ્ય માટે સારા છે.મિત્રો તમને સારા સમયની ઉજવણી કરવામાં મદદ કરી શકે છે અને ખરાબ સમયમાં મદદ કરી શકે છે. મિત્રો એકલતાને અટકાવે છે અને તમને જરૂરી સાહચર્ય ઓફર કરવાની તક પણ આપે છે. લાઈફમાં એકાદ-બે તો ખાસ કહી શકાય તેવા અંગત મિત્રો હોવા જ જોઈએ જેની સાથે સુખદુઃખની ચર્ચા કરી શકીએ અને સમય આવે ત્યારે ખભેથી ખભા મિલાવીને આગળ વધી શકીએ. એવું આપણે અનેક વખત સાંભળી ચૂક્યા છીએ અને પર્સનલી પણ ફીલ કરીએ છીએ, પરંતુ આ વાતને વૈજ્ઞાનિકો પણ સાચી ઠેરવી રહ્યા છે. ન્યુરોસાયન્સ કબૂલે છે કે મિત્ર એક બ્રેઈન બૂસ્ટર તરીકે કામ કરે છે એટલું જ નહીં, તે એક મેડિસિન સમાન પણ છે. છેલ્લાં સાત વર્ષમાં સોશ્યલ રિલેશનશિપ અને એને સંબધિત કરવામાં આવેલા ઘણા બધા અભ્યાસમાં સ્પષ્ટપણે જાણવા મળ્યું છે કે જે વ્યક્તિ મજબૂત સોશ્યલ રિલેશનશિપ ધરાવે છે તે ઘણું લાંબું જીવન જીવે છે. એકાકી જીવન માનવીને માંદગી તરફ ખેંચી જાય છે. મિત્રતા એ એક ઈમોશનલ બૉન્ડ પણ બાંધે છે જે ફિઝિકલ અને મેન્ટલ હેલ્થને મજબૂત બનાવે છે.

મિત્રો વિશે એક બીજી વાત પણ યાદ રાખવા જેવી છે. મિત્રોની કોન્ટિટી નહીં, પણ ક્વોલિટી જરૂરી હોય છે. આપણને જરૂર હોય ત્યારે બોલાવ્યા વગરે હાજર રહેતા હોય તો એ પૂરતું છે.દોસ્તો જિંદગી માટે જરૂરી છે એ તો આપણે સહુ સારી રીતે જાણીએ છીએ, સવાલ એ છે કે આખરે જીવનમાં કેટલા મિત્રો હોવા જોઈએ? બ્રિટનની લેખક અને રિલેશનશિપ એક્સપર્ટ એલિઝાબેથ ડેનું કેન્ડોહોલિક નામનું એક નવું પુસ્તક પ્રસિદ્ધ થયું છે. આ બુકમાં એલિઝાબેથે દોસ્ત અને દોસ્તી વિશે અનેક એંગલથી વાતો કરી છે. એલિઝાબેથે એક સવાલ ઉઠાવ્યો છે એની ચર્ચા આખી દુનિવામાં ચાલી છે. આખરે કેટલા મિત્રો હોવા જોઈએ? તે લખે છે કે, લાઈફમાં મેક્સિમમ ચારથી પાંચ દોસ્ત હોય તો એ પૂરતું છે. સોશિયલ મીડિયાના આગમન બાદ ફ્રેન્ડશિપની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. સ્કૂલ અને કૉલેજકાળમાં માંડ ગણીને પાંચથી દસ મિત્રો બનતા હતા, જ્યારે આજે સોશ્યલ મીડિયા પર મિત્રોની સંખ્યા ૧૫૦થી લઈને ૫૦૦ના આંકને કુદાવી ગઈ છે પરંતુ સોશ્યલ મીડિયામાં ઢગલાબંધ મિત્રો હોવા છતાં જરૂર પડે ત્યારે સાથે ઊભા રહી જાય તે કેટલા? સંત તુલસીદાસ કહે છે, ’બિપતીકાલ કર સતગુન નેહા,શ્રુતિ કહ સંત મિત્ર ગુન એહા. દુઃખમાં પણ સાથ આપે એ જ સાચા મિત્રના ગુણ છે. અર્થાત્ એ જ સાચો મિત્ર છે જે દરેક પરિસ્થિતિમાં તમારી સાથે ઊભો રહે.

# 'ધુરંધર-૨નો બોક્સઓફિસ પર ઇતિહાસ, એડવાન્સ બૂકિંગ રૂ.૨૫૦ કરોડને પાર

## અલ્લુ અર્જુન, વિજય દેવેરાકોંડા, અનન્યા, કાર્તિક આર્યન અને પ્રિટી ઝીંટાએ ફિલ્મને વખાણી




ધુરંધર: ધ રિવેન્જ વિશ્વવ્યાપી સ્તરે ૬૦૦ કરોડથી વધુના વિશાળ વીકએન્ડ તરફ આગળ વધી રહી છે, જ્યારે વિદેશી કમાણી ૨૦ મિલિયન ડોલરને પાર કરવાની દિશામાં છે. રણવીર સિંહની આ ફિલ્મે વિશ્વવ્યાપી એડવાન્સમાં ૨૫૦ કરોડનો આંક પાર કર્યો છે. રણવીર સિંહ અભિનીત આ ફિલ્મે ભારતમાં અંદાજે ૧૫૫ કરોડ અને વિદેશમાં ૧૦.૬૦ મિલિયન ડોલર (રૂ. ૯૮ કરોડ)ની કમાણી સાથે કુલ કમાણી ૨૫૩ કરોડ સુધી પહોંચી છે.

વિદેશમાં ચાલુ દિવસના એડવાન્સથી વધુ ૭ કરોડ ઉમેરાતા કુલ એડવાન્સ બૂકિંગ ૨૬૦ કરોડ સુધી પહોંચ્યું હતું, જે ભારતીય સિનેમાનો ઓલ-ટાઇમ રેકોર્ડ છે. અગાઉ માત્ર પુષ્પા ૨: ધ રૂલ ૨૦૦ કરોડ પાર કરી શકી હતી.અંતિમ દિવસે યુનાઈટેડ સ્ટેટ્સમાં એડવાન્સ બૂકિંગ ૫.૩૫ મિલિયન ડોલર સુધી પહોંચ્યું, પ્રથમ વખત કોઈ ભારતીય ફિલ્મે ૫ મિલિયન ડોલરનો એડવાન્સ આંકડો પાર કર્યો છે. અગાઉ ઈઈઈ અને બાહુબલી ૨ ડોલર ૪ મિલિયન આસપાસ હતાં. જોકે, કેટલાંક સ્થળોએ ટેકનિકલ સમસ્યાઓને કારણે શોઝ રદ થતાં અંદાજે ૨૫૦૦૦૦ ડોલર વધુ ઉમેરાઈ શક્યા હોત.ફિલ્મ રિલીઝનાં પહેલાં જ દિવસે અલ્લુ અર્જુને ફિલ્મને "પેટ્રિયોટિઝમ સાથે સ્ટાઈલ" તરીકે વખાણી. તેણે ફિલ્મના ટેક્નિકલ પાસા અને ફિલ્મની પ્રશંસા કરી અને રણવીર સિંહને બહુવિધ પ્રતિભાશાળી અભિનેતા ગણાવ્યો. જ્યારે વિજય દેવેરાકોંડાએ પણ ફિલ્મના મોટા સાંસ્કૃતિક પ્રભાવની શક્યતા વ્યક્ત કરી અને આદિત્ય ધરના દિગ્દર્શન તથા કાસ્ટનાં પર્ફોર્મન્સનાં વખાણ કર્યાં હતાં. સાથે જ અનન્યા પાંડે, કાર્તિક આર્યન અને પ્રિટી ઝીંટાએ પણ ફિલ્મના વખાણ કર્યાં હતાં.

ફિલ્મે ભારતમાં ઓપનિંગ ડે માટે ૭૩ કરોડનું એડવાન્સ બૂકિંગ નોંધાવ્યું હતું, જે જવાનના ૩૧ કરોડના રેકોર્ડને પાર કરી ગયું છે. સાથે જ આ ફિલ્મની પાઈરસીને રોકવા માટે મદ્રાસ હાઈકોર્ટનો મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. મદ્રાસ હાઈકોર્ટે ફિલ્મના ગેરકાયદેસર પ્રસારણ પર ૧૫ એપ્રિલ ૨૦૨૬ સુધી પ્રતિબંધ મુક્યો છે. જસ્ટિસ સેન્થિલકુમાર રમામૂર્તીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને જિયો સ્ટુડિયોઝની અરજી પર આ આદેશ આપ્યો. કોર્ટે નોંધ્યું કે ફિલ્મ રિલીઝ પહેલા ગેરકાયદેસર સ્ટ્રીમિંગથી મોટું નુકસાન થઈ શકે છે. શરત મુજબ, પ્રોડ્યુસર્સને સંભવિત નુકસાન માટે જવાબદારી લેવી પડશે, અને ત્યારબાદ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ અને કેબલ ઓપરેટર્સને ગેરકાયદેસર પ્રસારણથી રોકવામાં આવ્યા છે.



# સલમાન ખાનની 'માતૃભૂમિ'ના વિલંબ પાછળ પ્રશાંત તમાંગનું નિધન કારણ બન્યું

## પ્રશાંતનો રોલ મહત્વનો હોવાથી ફિલ્મના મહત્વના દૃશ્યો પર અસરના અહેવાલો




સલમાન ખાનની 'માતૃભૂમિ', જેનું પહેલાનું નામ 'બેટલ ઓફ ગલવાન' હતું, તેનું નામ બદલવાની સાથે ફિલ્મની રિલીઝ પણ વારંવાર પાછી ફેલાતી રહી છે. હવે વાર્તામાં ફેરફાર સાથે પ્રોડક્શનમાં નવી મુશ્કેલીઓના કારણે મોડી પડી હોવાના અહેવાલો છે. રિપોર્ટ્સ મુજબ, આ ફિલ્મ પહેલાં એપ્રિલની શરૂઆતમાં રિલીઝ થવાની હતી, પરંતુ સ્ક્રિપ્ટમાં ફેરફાર અને અભિનેતા-ગાયક પ્રશાંત તમાંગના નિધનને કારણે ટીમને શીડ્યુલ ફરી ગોઠવવું પડ્યું તેવા અહેવાલ છે. 'ઇન્ડિયન આઇડલ ૩'ના વિજેતા પ્રશાંત તમાંગ છેલ્લે જયદીપ આહલાવતની સીરીઝ પાતાલલોકની બીજી સીઝનમાં વિલન તરીકે જોવા મળ્યો હતો અને તેનો અભિનય વખણાયો હતો. ત્યાર પછી તેને સલમાનની આ ફિલ્મમાં મુખ્ય વિલન તરીકે કાસ્ટ કરવામાં આવ્યો હતો.

શરુઆતમાં એવા અહેવાલો હતા કે રણવીરની ધુરંધર ૨ને કારણે સલમને પોતાની ફિલ્મ ડિલે કરી હતી. પછી એવા પણ અહેવાલો હતા કે કેટલાક સરકારી અધિકારીઓના પરામર્શ બાદ સલમાનને હાલની યુદ્ધની સ્થિતિઓ અને ચીન સાથેના આંતરરાષ્ટ્રીય સંબંધોને ધ્યાનમાં રાખીને ચીનને નિશાન બનાવતા દ્રશ્યો હળવા કરવા સલાહ આપવામાં આવી હતી. તેથી ફિલ્મની વાર્તાને યુદ્ધની વાર્તાને બદલે એક સૈનિકની ભાવનાત્મક વાર્તામાં ફેરવવા સાથે તેમાં નવું ગીત પણ ઉમેરવામાં આવ્યું હતું, તેની સાથે ટીમે હવે ૪૦ દિવસ વધારાનું શૂટ કરવું પડે એવી સ્થિતિ છે. ત્યારે હવે નવું કારણ બહાર આવ્યું છે.

પ્રશાંતે પહેલેથી જ ઘણા મહત્વના ભાગોનું શૂટિંગ પૂર્ણ કરી દીધું હતું. જાન્યુઆરીમાં તેના નિધન પછી હવે નિર્માતાઓને મોટા ક્રિએટિવ અને લોજિસ્ટિકલ પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.

ઇન્ડિયા ટુડે મુજબ, પ્રશાંત તમાંગે પહેલેથી જ અનેક મહત્વના દશ્યો શૂટ કર્યાં હતાં, પરંતુ કેટલાક મહત્વપૂર્ણ ભાગો હજી બાકી હતા, રિપોર્ટમાં જણાવાયું. "ટીમે કેટલાક શીડ્યુલ્સ પ્લાન કર્યાં હતાં જેમાં પ્રશાંતને કેટલાક અત્યંત મહત્વના દશ્યો શૂટ કરવાનાં હતાં. તેના નિધનના કારણે, ટીમ સંપૂર્ણ રીતે મુશ્કેલીમાં મુકાઇ છે." ફિલ્મનાં નજીકના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર નિર્માતાઓએ શરૂઆતમાં તેના દશ્યો ફરીથી શૂટ કરવાનો વિકલ્પ વિચાર્યો હતો, પરંતુ હવે તે વ્યવહારિક અને આર્થિક રીતે મુશ્કેલ લાગી રહ્યો છે.

સુત્રે આગળ જણાવ્યું, "ક્લોઝ-અપ શોટ્સ સંભાળી શકાય, પરંતુ તેઓ વિશાળ એક્શન સિક્વન્સનો પણ ભાગ હતા. તે માત્ર આર્થિક રીતે અયોગ્ય જ નહી પરંતુ લોજિસ્ટિકલ દષ્ટિએ પણ એક દુઃસ્વપ્ન સમાન બની જાય." ટીમ હવે ફિલ્મ પૂર્ણ કરવા માટે અન્ય વિકલ્પો પર વિચારણા કરી રહી છે.

પ્રશાંત તમાંગનું ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ન્યુ દિલ્લી સ્થિત તેમના નિવાસસ્થાને અચાનક હાર્ટ એટેકને કારણે ૪૩ વર્ષની વયે અવસાન થયું હતું.

સલમાન ખાનની તારીખોની ઉપલબ્ધતા અને તેના લૂકની કન્ટિન્યુટી પણ પડકાર વધારતી બાબતો છે. નિર્માતાઓ હવે બે વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે— એક તો બીજા અભિનેતાને લાવીને ભૂમિકા પૂર્ણ કરવી, જેમ કે 'શર્માજી નામકીન'માં ઋષિ કપૂરની જગ્યાએ પરેશ રાવલ આવ્યા હતા, અથવા છૈં અને ફ્લ્હઠ નો ઉપયોગ કરીને બાકીના દશ્યોમાં તામાંગને ફરી સર્જવા. જોકે, આ માટે તેમના પરિવારની મંજૂરી જરૂરી રહેશે.આ મહિનાના અંત સુધીમાં નિર્ણય લેવામાં આવશે કારણ કે ફિલ્મને પૂર્ણ કરીને પોસ્ટ-પ્રોડક્શન શરૂ કરવું જરૂરી છે. ફિલ્મની નવી રિલીઝ ડેટ હજુ જાહેર કરવામાં આવી નથી, જોકે તે સ્વતંત્રતા દિવસના સમયને ધ્યાનમાં રાખીને જાહેર થઈ શકે છે.અપૂર્વ લાખિયા દ્વારા દિગ્દર્શિત 'માતૃભૂમિ'માં ચિત્રાંગદા સિંહ પણ મહત્વનો રોલ કરે છે. આ ફિલ્મ શરૂઆતમાં ૨૦૨૦ના ઇન્ડો-ચાઇના ગલવાન અથડામણ સાથે જોડાયેલી હતી અને હવે તેની ટૅગલાઇન છે, "મે વોર રેસ્ટ ઇન પીસ."તેથી હવે ફિલ્મના નામમાં ફેરફાર માત્ર નહી, પરંતુ ઘણા સીન અને કલાકારોમાં ફેરફાર સાથે ફિલ્મની મુશ્કેલી વધી છે.

# 'કોલ મી બે- ૨'માં અનન્યા પાંડે 'નવી બહેન' શ્રુતિ હાસન જોડાઈ

કોલિન ડી'કુન્હાએ ડિરેક્ટ કરેલી 'કૉલ મી બે સીઝન ૨' અનન્યા પાંડે, વીર દાસ, શ્રુતિ હસન અને અન્ય ઘણા કલાકારો સાથે પરત આવી રહી છે. એમેઝોન પ્રાઇમ વીડિયો દ્વારા આ સિરીઝની જાહેરાત કરાઈ છે. અનન્યા પાંડેએ ૨૦૨૪માં આ વેબ સિરીઝ સાથે ડેબ્યુ કર્યું હતું. દર્શકોએ તેને બેલા (બૅ) ચૌધરી તરીકે આ કોમેડી ડ્રામામાં ખૂબ પસંદ કરી પછી, નિર્માતાઓ હવે નવી સીઝન સાથે પરત આવી રહ્યા છે. તાજેતરમાં, શોનો ફર્સ્ટ લુક રજુ કરવામાં આવ્યો જેમાં કાસ્ટમાં શ્રુતિ હસનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે જ્યારે અનન્યા પાંડેએ્ પ્લેટફર્મ પર કોમેડી-ડ્રામા સિરીઝ કૉલ મી બે સાથે એન્ટ્રી કરી હતી. આ આઠ એપિસોડની સિરીઝ બૅ વિશે હતો, જે એક અમીર સોશિયલાઇટ-ઈન્ફ્લુએન્સર છે, જેને પોતાના ફિટનેસ ટ્રેનર સાથે પતિને છેતર્યા પછી મુંબઈમાં પોતે જ પોતાની રીતે નવેસરથી લાઈફ શરૂ કરવી પડે છે, તેનું જીવન દુખદ વળાંક લે છે, છતાં દર્શકોએ અનલિમિટેડ કોમેડી સાથે આ રોલર-કોસ્ટર સફરનો આનંદ લીધો હતો.

હવે, ટીમે આખરે કૉલ મી બે સીઝન ૨ નો ફર્સ્ટ લુક અને ટીઝર કર્યા છે અને તે પહેલાંથી પણ વધુ મજેદાર અને એન્ટરટેઇનિંગ લાગે છે. આ વખતે, બૅ દુનિયા જીતવા તૈયાર છે, પરંતુ થોડા વધુ ડ્રામા અને કેઓસ સાથે.

ગઈ સીઝનમાં વીર દાસ, ગુરફતેહ પીરઝાદા, વરુણ સૂદ, વિહાન સામત, મસ્કાન જાફરી, નિહારિકા લાયરા દત્ત, લિસા મિશ્રા અને મિની

માથુર જોવા મળ્યાં હતાં. બીજા ભાગમાં, મોટાભાગની કાસ્ટ પરત આવી રહી છે સાથે અનન્યાની 'નવી બહેન' તરીકે શ્રુતિ હસનનો ઉમેરો થયો છે.

શોનું ટીઝર રજુ કરતાં, તેનાં સોશિયલ મીડિયા પેજ પર લખ્યું, "કૉલ મી બે સીઝન ૨: પોતાનો ન્યૂઝ શો હવે ઓન એર હોવાથી, બૅ હવે રાજ કરવા તૈયાર છે! પરંતુ ફેમ સાથે સમસ્યાઓ પણ આવે છે. તેના વ્યક્તિગત જીવનમાં ડ્રામા વધુ ગૂંચ ઉભી કરે છે કારણ કે બેલા પોતાના પરત ફરેલા પૂર્વ પતિ અને તેના આકર્ષક બોસ વચ્ચે ફસાઈ જાય છે. તેના જીવનમાં એક 'નવી બહેન' પ્રવેશ કરે છે અને બહેનકોડ તૂટવા લાગે છે. પ્રેમ યુદ્ધ છે. કામ એક યુદ્ધક્ષેત્ર છે. એક નવું રહસ્ય ફાટવા તૈયાર છે."

આ સિરીઝને કરણ જોહર, અદાર પૂનાવાલા અને અપૂર્વ મહેતાની ધર્મેટિક એન્ટરટેઇનમેન્ટ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.

# સલમાનની 'માતૃભૂમિ' બાદ હવે આયુષ્માનની ફિલ્મનું નામ બદલાયું



થોડા દિવસ પહેલાં જ જ્યારે સલમાન ખાનની બહુ ફિલ્મ બેટલ ઓફ ગલવાનનું નામ બદલીને માતૃભૂમિ રાખવામાં આવ્યું ત્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ચાહકોને આશ્ચર્ય થયું હતું. હવે ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, સૂરજ બરજાત્યાના નિર્દેશન હેઠળ બની રહેલી બીજી ફિલ્મ યે પ્રેમ મોલ લિયાનું નામ પણ બદલાઈ શકે છે.

આ અંગે એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "ફિલ્મનું નામ બદલીને યે પ્રેમ મોહ માયા હૈ રાખવા અંગે ચર્ચા ચાલી રહી છે. જો બધું આયોજન મુજબ થયું, તો થોડા દિવસોમાં નવા નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે."


યે પ્રેમ મોલ લિયામાં આયુષ્માન ખુરાના અને શર્વરી વાઘ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તેમની સાથે શાદ રંધાવા, અનુપમ ખેર, સીમા પાહવા અને સુપ્રિયા પાઠક મહત્વપૂર્ણ પાત્રોમાં છે. ફિલ્મનું પ્રેઝન્ટેશન અને પ્રોડક્શન રાજશ્રી પ્રોડક્શન્સ દ્વારા મહાવીર જૈન ફિલ્મ્સ સાથે મળીને કરવામાં આવી રહ્યું છે. આ ફિલ્મ મહાવીર જૈન અને સૂરજ બરજાત્યાની બીજી સાથેની ફિલ્મ છે, આ પહેલાં તેઓ ઊંચાઈ (૨૦૨૨)માં સાથે કામ કરી ચૂક્યા છે.

ફેબ્રુઆરીમાં, સૌથી પહેલાં માહિતી મળી હતી કે આયુષ્માન ખુરાના અને શર્વરીએ મુંબઈના ગોરેગાંવ રેલવે સ્ટેશન પર આ ફિલ્મનું શૂટિંગ કર્યું હતું. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૧ નવેમ્બરથી શરૂ થયેલું શૂટિંગ હવે જલ્દી પૂર્ણ થવાનું છે. તાજેતરમાં જ સૂરજ બરજાત્યાની દિકરીના લગ્નનાં રિસેપ્શનમાં પણ શર્વરી, આયુષ્યમાન અને અનુપમ ખેર સહીત તેમની ફિલ્મમાં કામ કરી રહેલાં અને કરી ચૂકેલાં કલાકારો પણ હાજર રહ્યાં હતાં.

# મારી સફર સતત શીખતા રહેવા માટે જ છે : પ્રતીક ગાંધી

## રિતિક રોશને પ્રોડ્યુસ કરેલી થ્રિલરમાં પ્રતીક ગાંધી ઓસીડી ધરાવતું પાત્ર ભજવશે

વિવિધતાથી ભરપુર પ્રતીક ગાંધી હવે પોતાની અભિનય યાત્રામાં આગામી ચેલેન્જ તરફ આગળ વધી રહ્યો છે. એમેઝોન પ્રાઈમ વીડિયો પર આવનારી તેની થ્રિલરમાં પ્રતીક એક એવા વ્યક્તિનું પાત્ર ભજવે છે જેને ઓબ્સેસિવ કમ્પલસિવ ડિસઓર્ડર છે અને તેનું પાત્ર અણધાર્યા નિર્ણયો લે છે. આ ફિલ્મ રિતિક રોશન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહી છે. ફિલ્મ અને પોતાના પાત્ર વિશે વાત કરતા, પ્રતીક કહે છે, "રાજેશ કૃષ્ણન તેનું ડિરેક્શન કરી રહ્યા છે. રિતિક અને તેના કઝિન ઈશાન રોશનના એચઆરએક્સ સ્ટુડિયો દ્વારા એક ઓરિજિનલ ફિલ્મ તરીકે પ્રોડ્યુસ કરવામાં આવી છે. વાર્તા કેટલાક લૂંટારૂઓની વાત કરે છે, જે ઓસીડી ધરાવતા એક માણસના ઘરમાં ઘૂસે છે અને પછી સમજે છે કે પરિવાર નહી, પરંતુ તે લોકો જ આ અણધાર્યું અને તીવ્ર ઓસીડી ધરાવતા માણસ સાથે આખી રાત ચાલનારી ટક્કરમાં બચવા માટે સંઘર્ષ કરી રહ્યા છે."પ્રતીક પોતાની અત્યાર સુધીની ફિલ્મી સફરથી ખૂબ ખુશ છે. તેણે કહ્યું, "મારી સફર સતત શીખવાની પ્રક્રિયા છે અને આ બધા પાત્રોએ મારામાં વ્યક્તિ તરીકે અને અભિનેતા તરીકે ખુબ મુલ્ય ઉમેર્યું છે. હું પાત્ર સાથે સહાનુભૂતિ નહી પરંતુ સહઅનુભૂતિ રાખવા ઈચ્છું છું અને લાગણીઓમાં મૂળ ધરાવતી માનવીય વાર્તાઓમાં કામ કરવા માંગું છું, જે વિવિધ રીતે કહી શકાય તેવી હોય. અત્યાર સુધીની મારી સફર ખૂબ સંતોષકારક રહી છે, કારણ કે હું મારી તમામ ફિલ્મોમાં વિવિધ શૈલીઓ અને અનોખા પાત્રોને શોધી શક્યો છું."પ્રતીકે આગળ કહ્યું કે તે આવી તકો માટે પોતાને ભાગ્યશાળી માને છે. "મેં અત્યાર સુધી જેમ જેમ દિગ્દર્શકો અને પ્રોડ્યુસર્સ સાથે કામ કર્યું છે, તેમણે મને કોઈ એક ચોક્કસ પ્રકારમાં બાંધી દીધો નથી, તેના માટે હું ખરેખર ખુશ અને આભારી છું. તેમણે મને પોતાને આગળ ધપાવવાની, શોધખોળ કરવાની અને દર્શકોને વિવિધ લાગણીઓ અને પાત્રોની વિશાળ શ્રેણી રજૂ કરવાની તક આપી છે. મારું હૃદય આભારથી ભરેલું છે."



# વામિકાએ 'ભૂત બંગલા'માં બોડી ડબલ વગર હાઈ-રિસ્ક ટ્રેન સ્ટન્ટ કર્યો

જ્યારથી ભૂત બંગલાનું ટીઝર ઑનલાઇન લોંચ થયું ત્યારથી ફિલ્મ પ્રત્યે દર્શકોમાં ઉત્સાહ સતત વધતો રહ્યો છે, આ ફિલ્મ ૧૪ વર્ષ બાદ અક્ષય કુમાર અને નિર્દેશક પ્રિયદર્શનની ફરી જોડી ફરી એક સાથે આવી છે. જેમાં ડર અને કોમેડીનું અનોખું મિશ્રણ જોવા મળશે.

હાલમાં ચાલી રહેલા શૂટિંગ દરમિયાન, ફિલ્મનાં એક ગીતનાં શૂટમાંથી બૅકગ્રાઉન્ડ સીનમાંથી એક ક્ષણ ખાસ ધ્યાન ખેંચી રહી છે. પ્રોડક્શન સાથે જોડાયેલા સુત્રોના જણાવ્યા મુજબ, વામિકા ગબ્બીએ એક પડકારજનક ટ્રેન સિક્વન્સ શૂટ કરી હતી, જેમાં તે દોડતી ટ્રેનનાં કિનારે ઊભી રહી હતી, એક એવું દ્રશ્ય જેને અક્ષય કુમાર સાથે ચોક્કસ સમયબદ્ધતા અને સંકલનની જરૂર હતી.સુત્રે જણાવ્યું, "વામિકાએ આ સિક્વન્સ માટે સંપૂર્ણપણે અક્ષય પર વિશ્વાસ મુક્યો અને કોઈ પણ વધારાની મદદ વગર તેને કરવા માટે તૈયાર થઈ ગઈ હતી. બંને વચ્ચેનું સંકલન કેમેરા પર સહજ રીતે દેખાયું, જેના કારણે દ્રશ્ય ખૂબ જ સરળ અને કુદરતી લાગ્યું."

આ સિક્વન્સ હવે સેટ પર ચર્ચાનો વિષય બની ગઈ છે, જ્યાં ક્રૂ સભ્યોએ વામિકાનાં આત્મવિશ્વાસ અને બંને કલાકારો વચ્ચેની મજબૂત ઑન-સ્ક્રીન કેમિસ્ટ્રીની પ્રશંસા કરી છે. આ ફિલ્મમાં પરેશ રાવલ, તબુ અને રાજપાલ યાદવ સહિતની મજબુત કાસ્ટ જોવા મળશે. પ્રિયદર્શન દ્વારા નિર્દેશિત અને અક્ષય કુમાર, શોભા કપૂર અને એકતા આર કપૂર દ્વારા નિર્મિત ભૂત બંગલા ૧૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ થિએટર્સમાં રિલીઝ થવાની છે.

# ત્રીજી ટી૨૦માં સાઉથ આફ્રિકાને હરાવી કિવિ ફરીથી સરસાઈ પર

## સાઉથ આફ્રિકા ૧૩૬ રન કરી શક્યું, ન્યૂઝીલેન્ડનો આઠ વિકેટે વિજય, સિરીઝમાં ૨-૧થી આગળ

ટોમ લાથમે અણનમ ૬૩ રન ફટકારવા ઉપરાંત ડેવોન કોનવે સાથે પહેલી વિકેટ માટે ૯૬ રન ઉમેરતા ન્યૂઝીલેન્ડે શુક્રવારે અહીં રમાયેલી ત્રીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં પ્રવાસી સાઉથ આફ્રિકાને આઠ વિકેટે હરાવીને પાંચ મેચની વર્તમાન સિરીઝમાં ૨-૧ની સરસાઈ હાંસલ કરી લીધી હતી.

સાઉથ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરી હતી અને ૨૦ ઓવરમાં નવ વિકેટે માત્ર ૧૩૬ રન કર્યા હતા જેના જવાબમાં ન્યૂઝીલેન્ડે ૨૨ બોલ બાકી રાખીને બે વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો. સાઉથ આફ્રિકન ઈનિંગ્સમાં લોકી ફર્ગ્યુસને ચાર ઓવરમાં માત્ર નવ રન આપીને એક વિકેટ લીધી હતી. તેને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

આ સિરીઝમાં અત્યાર સુધી બેટિંગ કરવી પડકારજનક રહી છે અને મેચો લો-સ્કોરિંગ જોવા મળી છે. પ્રથમ મેચમાં સાઉથ આફ્રિકાએ ન્યૂઝીલેન્ડના ૯૧ રનના લક્ષ્યાંકનો પીછો કરીને સાત વિકેટે જીત મેળવી હતી, જ્યારે બીજી મેચમાં ન્યૂઝીલેન્ડે હરીફ ટીમને ૧૦૭ રનમાં આઉટ કરી ૬૮ રનથી વિજય મેળવ્યો હતો.

શુક્રવારની મેચમાં સાઉથ આફ્રિકાએ આ સિરીઝમાં પ્રથમ વખત પૂરી ૨૦ ઓવર બેટિંગ કરી હતી. જેમાં નકોબાની મોકોએનાએ તેની પ્રથમ આંતરરાષ્ટ્રીય ઈનિંગ્સમાં ૨૦ બોલમાં ત્રણ સિક્સર સાથે અણનમ ૨૬ રનનું યોગદાન આપ્યું હતું. લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની જોડી ટોમ લાથમ અને



કોનવેએ શાંત શરૂઆત કરી હતી. પ્રથમ બે ઓવરમાં માત્ર પાંચ રન અને ત્રણ ઓવરના અંતે ૧૨ રન કર્યા હતા. જોકે, ત્યારબાદ તેમણે આક્રમક વલણ અપનાવ્યું હતું. ચોથી ઓવરમાં ૧૪ રન અને પાંચમી ઓવરમાં ૨૧ રન ફટકાર્યા હતા. કોનવે ૧૧મી ઓવરમાં કેશવ મહારાજની બોલિંગમાં રૂબિન હર્મન દ્વારા કેચ આઉટ થયો હતો. ત્યારબાદ ટીમ રોબિન્સન ૧૭મી ઓવરમાં આઉટ થયો ત્યારે સ્કોર બરાબર થઈ ગયો હતો. નિક કેલીએ મેદાનમાં આવીને પછીના જ બોલે સિંગલ રન લઈને ટીમને જીત અપાવી હતી. ટોસ જીતીને સાઉથ આફ્રિકાને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપનારા કિવિ કેપ્ટન મિચેલ સેન્ટનરે જણાવ્યું હતું કે, ''અમારી પાસે અત્યારે સારી ઊંડાણ છે. પિચ શરૂઆતમાં થોડી અલગ વર્તી રહી હતી, તેથી લાથમ અને કોનવેએ જે રીતે પરિસ્થિતિને સંભાળી તે પ્રશંસનીય હતું.'' પાંચ મેચની વર્તમાન ટી૨૦ સિરીઝની ચોથી મેચ રવિવાર વેલિંગ્ટનમાં રમાશે.

# આઈપીએલના પ્રારંભે ઓસ્ટ્રેલિયાના સ્ટાર બોલર્સની ગેરહાજરી સાલશે

## પેટ કમિન્સ, મિચેલ સ્ટાર્ક અને જોશ હેઝલવૂડ સહિત ચાર ઝડપી બોલર હજી પણ અનફિટ છે



આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટના પ્રારંભની તૈયારી છે અને વિવિધ ટીમ આ લીગ માટે અત્યારે કેમ્પ યોજીને સજ્જ બની રહી છે ત્યારે સિઝન શરૂ થાય તે પહેલા જ ફ્રેન્ચાઈઝીઓ માટે ચિંતાના સમાચાર છે. ઓસ્ટ્રેલિયાના ચાર સ્ટાર ઝડપી બોલર પેટ કમિન્સ, મિચેલ સ્ટાર્ક અને જોશ હેઝલવૂડ લીગની કેટલીક પ્રારંભિક મેચમાં રમી શકે તેમ નથી. આ બોલર્સ વિવિધ ફ્રેન્ચાઈઝીના આધારભૂત બોલર છે. આમ તેમની ગેરહાજરી ટીમની રણનીતિમાં ફરક પાડી શકે છે.

એક વેબસાઈટના અહેવાલ મુજબ પેટ કમિન્સ, સ્ટાર્ક અને હેઝલવૂડ ટુર્નામેન્ટની શરૂઆતની કેટલીક મેચો ગુમાવશે. જ્યારે નાથાન એલિસ સમગ્ર ટુર્નામેન્ટમાંથી બહાર થઈ જવાની શક્યતા છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ તેના બોલરોના વર્કલોડને લઈને ખૂબ જ સાવધ છે. તે જોતાં આ બોલર્સને આસાનીથી મંજૂરી આપે તેવી શક્યતા પણ ઓછી છે.

ઓગસ્ટ મહિનાથી શરૂ થતા આગામી ૧૨ મહિનામાં ઓસ્ટ્રેલિયાએ કુલ ૨૧ ટેસ્ટ મેચ રમવાની છે. આટલા વ્યસ્ત કાર્યક્રમને ધ્યાનમાં રાખીને ખેલાડીઓને ઈજાથી બચાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયન ટીમ માટે આગામી સમય ખૂબ જ વ્યસ્ત રહેવાનો છે, જેમાં સાઉથ આફ્રિકાનો પ્રવાસ,

ભારતનો પ્રવાસ અને ઈંગ્લેન્ડનો પ્રવાસ સામેલ છે. આ ઉપરાંત ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપમાં પોતાના ટાઈટલને ડિફેન્ડ કરવા માટે ટીમ અત્યારથી જ તૈયારીઓ અને ખેલાડીઓની ફિટનેસ પર ધ્યાન આપી રહી છે.

એક અહેવાલ મુજબ કમિન્સ, સ્ટાર્ક અને હેઝલવૂડ આગામી કેટલાક સપ્તાહમાં તેમની ફિટનેસ હાંસલ કરવાની સાથે સાથે તેમના બોર્ડની મંજૂરી મેળવીને આઈપીએલમાં સામેલ થઈ શકે છે પરંતુ તેઓ કમસે કમ શરૂઆતની કેટલીક મેચમાં રમે તેવી શક્યતા નહિવત છે.

ટેસ્ટ કેપ્ટન પેટ કમિન્સ, જોશ હેઝલવૂડ અને સ્ટાર્કની ગઈ સિઝન મિશ્ર રહી હતી. પેટ કમિન્સ પીઠની ઈજાને કારણે માત્ર એક જ ટેસ્ટ રમી શક્યો હતો. તો હેઝલવૂડ હેમસ્ટ્રિંગ અને એચિલીસની સમસ્યાને કારણે આખી શ્રેણી ગુમાવી ચૂક્યો હતો. એશિઝમાં સ્ટાર્ક પાંચેય ટેસ્ટ અને બિગ બેશ લીગના અંતિમ તબક્કાની મેચોમાં રમ્યો હતો. જોકે, તેણે ટી૨૦ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી હોવાથી ટી૨૦ વર્લ્ડ કપ રમ્યો ન હતો.

પેટ કમિન્સ સનરાઈઝર્સ હૈદરાબાદ માટે રમવાનો છે તો મિચેલ સ્ટાર્ક દિલ્હી કેપિટલ્સ અને જોશ હેઝલવૂડ રોયલ ચેલેન્જર્સ બેંગલોર માટે રમવાનો છે. ઓસ્ટ્રેલિયાના પસંદગીકાર ટોની ડોડમેડે જણાવ્યું હતું કે કમિન્સ અને હેઝલવૂડની આઈપીએલમાં ઉપલબ્ધતા સમય પર આધારિત છે. જો આઈપીએલ પહેલા હશે અને વર્લ્ડ કપ પછી હોય તો તેઓ આઈપીએલને પ્રાથમિકતા આપશે નહીં.

દરમિયાન સનરાઈઝર્સ હૈદરાબાદને મોટો આંચકો લાગ્યો છે કેમ કે તેનો ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર જેક એડવર્ડ્સ ઈજાને કારણે આઈપીએલમાંથી બહાર થઈ ગયો છે. ૨૫ વર્ષીય જેક એડવર્ડ્સ ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર છે. સનરાઈઝર્સ હૈદરાબાદે તેને ત્રણ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. જેક એડવર્ડ્સ માટે ગત વર્ષ ખૂબ જ સફળ રહ્યું હતું. તેણે બિગ બેશમાં સિડની સિક્સર્સ માટે રમીને ૧૩ મેચમાં ૧૯ વિકેટ ઝડપી હતી અને ૧૩૩ રન ફટકાર્યા હતા. તેના આ જ શાનદાર ફોર્મને કારણે તેને પાકિસ્તાન સામે પર્થમાં રમાયેલી ટી૨૦ મેચ દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરવાની તક મળી હતી.

# શિવરામકિષ્ણને કોમેન્ટેટર તરીકે નિવૃત્તિ જાહેર કરી દીધી

## ટોસ કે પ્રેઝન્ટેશનમાં તક મળતી નહીં હોવા સહિતના વિવિધ આક્ષેપો કરીને વિદાય લીધી



ભારતીય ક્રિકેટના એક સમયના લોકપ્રિય અને સફળ લેગ-સ્પિનર અને જાણીતા ક્રિકેટ કોમેન્ટેટર લક્ષ્મણ શિવરામક્રિષ્ણને શુક્રવારે બીસીસીઆઈની કોમેન્ટરી પેનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. આમ કરીને તેણે સૌને ચોંકાવી દીધા છે. તેણે પ્રસારણ ક્ષેત્રે પોતાની કારકિર્દીનો અંત લાવવા પાછળ પક્ષપાત અને તકોના અભાવને મુખ્ય કારણ ગણાવ્યું હતું.

શિવા તરીકે જાણીતા લક્ષ્મણ શિવરામક્રિષ્ણને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર શ્રેણીબદ્ધ ટ્વિટ કરીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેણે જણાવ્યું કે ૨૩ વર્ષના લાંબા અનુભવ છતાં તેને 'ટોસ' અને 'પ્રેઝન્ટેશન સેરેમની' કરવાની તક આપવામાં આવતી ન હતી. તેના સ્થાને નવા આવેલા કોમેન્ટેટર્સને આ તકો આપવામાં આવતી હતી જે તેના માટે અપમાનજનક હતું.

શિવરામક્રિષ્ણને જણાવ્યું હતું કે ''જો મને ૨૩ વર્ષ સુધી ટોસ અને પ્રેઝન્ટેશન માટે ઉપયોગમાં લેવામાં ન આવ્યો હોય અને નવા આવનારાઓ પિચ રિપોર્ટ અને ટોસ કરતા હોય તો તમને શું લાગે છે કે તેનું કારણ શું હોઈ શકે?'' જ્યારે એક યુઝરે પૂછ્યું કે શું તેમના ચામડીના રંગ ને કારણે આવું થઈ રહ્યું છે, ત્યારે શિવરામક્રિષ્ણને ચોંકાવનારો જવાબ આપતા કહ્યું, ''તમે સાચા છો. આ રંગભેદ છે.'' આમ કહીને તેણે સંકેત આપ્યો કે ટીવી પ્રોડક્શનમાં અંદરખાને ઘણું બધું ચાલી રહ્યું છે જે ટૂંક સમયમાં બહાર આવશે. લક્ષ્મણ શિવરામક્રિષ્ણનની કારકિર્દી ટૂંકી પણ પ્રભાવશાળી રહી હતી.

# સેમ કરન આઈપીએલની આખી સિઝન ગુમાવશે, રાજસ્થાનને નુકસાન




ઈંગ્લેન્ડનો સ્ટાર ઓલરાઉન્ડર સેમ કરન આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાંથી ઈજાને કારણે બહાર થઈ શકે છે. સાથળના ભાગે થયેલી ઈજાને કારણે તે રાજસ્થાન રોયલ્સ તરફથી રમી શકશે નહીં જેને પરિણામે ફ્રેન્ચાઈઝી હવે તેના સ્થાને અન્ય ખેલાડીની શોધ કરી રહી છે. ઓલરાઉન્ડર સેમ કરન તાજેતરમાં ભારતમાં યોજાયેલા આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડની ટીમનો હિસ્સો હતો. ગયા વર્ષે ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમેલા રવીન્દ્ર જાડેજા અને સેમ કરનને સંજુ સેમસનના બદલામાં રાજસ્થાન રોયલ્સની ટીમમાં સામેલ કરવા માટે ડીલ કરી હતી.

૨૭ વર્ષીય સેમ કરન ૨૦૨૩ની હરાજીમાં ૧૮.૫ કરોડ રૂપિયા સાથે સૌથી મોંઘો ખેલાડી રહ્યો હતો. તે અગાઉ પંજાબ કિંગ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમી ચૂક્યો છે. ૨૦૨૫ની સિઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમતા તેણે પંચ મેચમાં ૧૧૪ રન ફટકાર્યા હતા અને એક વિકેટ ઝડપી હતી. ભૂતપૂર્વ ભારતીય બોલર લક્ષ્મીપતિ બાલાજીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે રાજસ્થાન રોયલ્સે જાડેજા કે કરન જેવા અનુભવી ખેલાડીઓને બદલે રિયાન પરાગને કેપ્ટન બનાવ્યો છે.

# ડ્યુક્સ ક્રિકેટ બોલનો સ્ટોક હવે તેમના સામાન્ય પુરવઠાના લગભગ અડધા જેટલો

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ હવે ક્રિકેટમાં પણ અસર કરી રહ્યો છે. ઈંગ્લેન્ડની આગામી ક્રિકેટ સીઝન પહેલા, ડ્યુક્સ બોલની તીવ્ર અછત છે, જે આયોજકો માટે એક નવો પડકાર ઉભો કરે છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે તણાવ વધ્યો છે, જેના કારણે જાનમાલનું નોંધપાત્ર નુકસાન થયું છે. ઈંગ્લેન્ડમાં નવી સીઝન ૩ એપ્રિલથી શરૂ થવાની છે, પરંતુ ડ્યુક્સ ક્રિકેટ બોલનો સ્ટોક હવે તેમના સામાન્ય પુરવઠાના લગભગ અડધા જેટલો છે. આ બોલનો ઉપયોગ કાઉન્ટી




ચેમ્પિયનશિપ અને સ્થાનિક ટેસ્ટ મેચોમાં થાય છે, જ્યાં તમામ ૧૮ ફર્સ્ટ-ક્લાસ ટીમો ભાગ લે છે. તેથી, પુરવઠાની અછત મેચની તૈયારીઓને અસર કરી શકે છે. ડ્યુક બોલ બનાવતી કંપની બ્રિટિશ ક્રિકેટ બોલ્સ લિમિટેડના માલિક દિલીપ જજોડિયાએ જણાવ્યું હતું કે ગલ્ફ ક્ષેત્રમાં સંઘર્ષને કારણે કાર્ગો શિપમેન્ટમાં ભારે વિલંબ થઈ રહ્યો છે. તેમણે કહ્યું, 'ગલ્ફમાં ચાલી રહેલા તણાવને કારણે મોટા સંકટનો સામનો કરી રહ્યા છીએ.

# દિનેશ કાર્તિકના ઘરે પારણું બંધાયું, પત્ની દીપિકાએ દીકરીને જન્મ આપ્યો

ભૂતપૂર્વ ભારતીય વિકેટકીપર-બેટ્સમેન દિનેશ કાર્તિક અને સ્ક્વોશ સ્ટાર દીપિકા પલ્લીકલને પુત્રીનો આશીર્વાદ મળ્યો છે. તેમણે સોશિયલ મીડિયામા આ માહિતી શેર કરી. આ દંપતીએ સોશિયલ મીડિયા પર લખ્યું, "આપણા હૃદયમાં પ્રાર્થનાઓ અને શબ્દોથી પરે કૃતજ્ઞતા સાથે, અમે અમારી સુંદર પુત્રીનું આ દુનિયામાં ખુશીથી સ્વાગત કરીએ છીએ. કબીર અને જિયાન તેમની નાની બહેન રાહા પલ્લીકલ કાર્તિકને જોઈને ખૂબ જ ખુશ છે.દીપિકા અને દિનેશ." વિરાટ કોહલીએ પણ દિનેશની પોસ્ટ પર પ્રતિક્રિયા આપી છે અને હાર્ટ ઈમોજી બનાવ્યું છે. આ ઉપરાંત, કૃણાલ પંડ્યાની પત્ની પંખુરી શર્માએ પણ અભિનંદન પાઠવ્યા છે. બેડમિન્ટન સ્ટાર ચિરાગ શેટ્ટીએ પણ અભિનંદન આપ્યા. આ ઉપરાંત, અન્ય ખેલાડીઓ પણ અભિનંદન આપી રહ્યા છે. આ દંપતીએ ૨૫ ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ પરંપરાગત હિન્દુ અને ખ્રિસ્તી વિધિઓ અનુસાર લગ્ન કર્યા અને ૨૦૨૧ માં જોડિયા બાળકોનો જન્મ થયો.દિનેશ કાર્તિક એક શાનદાર વિકેટકીપર-બેટ્સમેન છે અને દેશ માટે ત્રણેય ફોર્મેટમાં રમી ચૂક્યો છે. કાર્તિકને બાંગ્લાદેશ સામે છેલ્લા બોલે છગ્ગો ફટકારીને ભારતને નિદાહાસ ટ્રોફી જીતવામાં મદદ કરવા માટે યાદ કરવામાં આવે છે. તે ૨૦૦૭ ૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૩ ચેમ્પિયન્સ ટ્રોફી જીતનાર ભારતીય ટીમનો સભ્ય પણ હતો. દિનેશની - કારકિર્દી પણ શાનદાર રહી હતી.






# ઓડીઆઈ વર્લ્ડ કપનો રોડમેપ તૈયાર : આઈપીએલ દરમિયાન ૨૦ સંભવિત ખેલાડીઓ પર પસંદગીકારોની નજર

**ODI** વર્લ્ડ કપ હજુ એક વર્ષથી વધુ સમય બાકી છે, પરંતુ ભારત પહેલાથી જ તેના માટે તૈયારી કરી રહ્યું છે. ભારતના ૨૦ સંભવિત ખેલાડીઓની ઓળખ થઈ ગઈ છે, અને પાંચ રાષ્ટ્રીય પસંદગીકારો ૨૮ માર્ચથી શરૂ થનારી **IPL** દરમિયાન આ ખેલાડીઓ પર નજર રાખશે. અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિમાં એસએસ દાસ, આરપી સિંહ, અજય રાત્રા અને પ્રજ્ઞાન ઓઝાનો સમાવેશ થાય છે.

આ વર્લ્ડ કપ દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં યોજાશે અને આવતા વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાશે. પસંદગી સમિતિના સભ્યો મેચ દરમિયાન પોતપોતાના બેઝ પર હાજર રહેશે, જ્યારે બાકીના સભ્યો ટીવી પર મેચ જોશે. **IPL**ની પહેલી મેચમાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર **(RCB)** સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ટકરાશે.

વરિષ્ઠ અધિકારીઓએ એવા અહેવાલોને નકારી કાઢ્યા છે કે અગરકરે **ODI** વર્લ્ડ કપ સુધી સમયમર્યાદા વધારવાની માંગ કરી છે. **BCCI**ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "પસંદગી સમિતિ **BCCI**ની પેટા સમિતિ છે અને પસંદગીકારોના કરાર આ વર્ષે સપ્ટેમ્બર સુધી છે.

અગરકરનો કરાર સપ્ટેમ્બરમાં સમાપ્ત થાય છે, ત્યારબાદ **BCCI** સચિવ અને અગરકર નક્કી કરશે કે તે આવતા વર્ષના **ODI** વર્લ્ડ કપ સુધી ચાલુ રહેશે કે નહીં.'' એક વરિષ્ઠ પસંદગીકાર ચાર વર્ષ સુધી આ પદ સંભાળી શકે છે અને તેના કરાર વધારવાની અપીલ કરી શકતું નથી.



**અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિમાં એસએસ દાસ, આરપી સિંહ, અજય રાત્રા અને પ્રજ્ઞાન ઓઝાનો સમાવેશ થાય છે.**





# કઠોદરા ગામમાં નવનિર્મિત શાળાનું ધારાસભ્ય મુકેશ પટેલના હસ્તે લોકાર્પણ

## શિક્ષણ અને બાળ વિકાસનો સમન્વયઃ ઓલપાડ તાલુકામાં શાળા અને આંગણવાડીઓના લોકાર્પણ સાથે ૨.૧૩ કરોડથી વધુના વિકાસકાર્યો સંપન્ન

સુરત, તા.૨૧

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઓલપાડ તાલુકાની કઠોદરા પ્રાથમિક શાળામાં ૧૩૫ લાખના માતબર ખર્ચે નિર્માણ પામેલી નવનિર્મિત ભવ્ય ઈમારતનું વિસ્તારના ધારાસભ્ય મુકેશભાઈ પટેલના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કઠોદરા શાળાની મુખ્ય ઈમારતની સાથે સાથે તાલુકાના કારેલી ગામે TSP યોજના હેઠળ ૧૬ લાખના ખર્ચે નિર્મિત બે નવીન ઓરડાઓ તેમજ કઠોદરા, કીમ, મુળદ, કન્યાસી, કુડસદ, ઓભલા અને કાછબ ગામે ૬૨.૫૫ લાખના ખર્ચે તૈયાર થયેલ આંગણવાડીઓનું પણ લોકાર્પણ સંપન્ન થયું હતું. આ તકે સાંસદ મુકેશભાઈ દલાલે પ્રાસંગિક ઉદબોધન કરી શાળાઓની વિવિધ માળખાગત સુવિધાઓ માટે સરકારની તત્પરતા અંગે ઉપસ્થિત શિક્ષકો તથા પ્રજાજનોને અવગત કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ એવા ધારાસભ્ય મુકેશભાઈ પટેલે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, કઠોદરાની આ નવી શાળા ખાનગી શાળાઓને ટક્કર આપે તેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. તેમણે ગૌરવભેર નોંધ્યું હતું કે આ જ શાળામાં અભ્યાસ કરીને અનેક વિદ્યાર્થીઓ આજે ડોક્ટર અને પ્રોફેસર જેવા પ્રતિષ્ઠિત પદો પર કાર્યરત છે, જે સરકારી શિક્ષણની ગુણવત્તાનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે વાલીઓને પોતાના બાળકોને આવી અદ્યતન સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરાવવા ભાવભર્યો અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં ઓલપાડ ભાજપ પ્રમુખ કુલદીપસિંહ ઠાકોર, મહામંત્રી સુનિલભાઈ પટેલ, રાજ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ નીતાબેન પટેલ, કારોબારી અધ્યક્ષ જયેશભાઈ પટેલ, અગ્રણી બ્રિજેશ પટેલ, પ્રવિણ મકવાણા, બીઆરસી બ્રિજેશ પટેલ, સીડીપીઓ ભારતી મુંઢવા, નાયબ કાર્યપાલક ઈજનેર અમિતાબેન સહિત વિવિધ ગામના સરપંચો, આચાર્યો અને ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા કઠોદરા શાળાના આચાર્ય ડો. યજ્ઞેશ પુરોહિત, સ્ટાફગણ અને સરપંચ સોયેબભાઈ બદાત સહિત સમગ્ર શિક્ષાની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# વરાછામાં ચિકન વેચનાર પર તલવાર વડે જીવલેણ હુમલો

## મારામારીમાં વચ્ચે પડેલી મહિલા પર પણ હુમલાનો પ્રયાસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

સુરતના વરાછા વિસ્તારમાં ચિકન દુકાનદાર પર તલવારથી હુમલો કરાયાની ગંભીર ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, પ્રદિપભાઈ દિગાંબરભાઈ વાનખેડે (ઉંમર ૪૦), રહે બોમ્બે કોલોની, કાપોદ્રા ચાર રસ્તા પાસે, પોતાની "રૂદ્ર ચિકન" નામની દુકાન ચલાવે છે.

આ બનાવ તા. ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સાંજે અંદાજે ૧૯:૪૫ થી ૨૦:૩૦ વાગ્યાની વચ્ચે દુકાન નં. ૭ના ઓટલા પર બન્યો હતો. આરોપી તરીકે નિખિલ ઉર્ફે ટકલો સંજયભાઈ યાદવ (રહેવાસી – બોમ્બે કોલોની, વરાછા) તથા તેના સાથેના બે અજાણ્યા ઈસમોના નામ સામે આવ્યા છે. ફરીયાદ મુજબ, પ્રદિપભાઈ દુકાન પર બેઠેલા હતા ત્યારે નિખિલ અને તેના સાથીઓ ત્યાં આવ્યા હતા. અચાનક નિખિલે તેની પાસે રહેલી તલવાર વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં પ્રદિપભાઈના જમણા હાથની આંગળી અને ડાબા હાથના કોણીના ભાગે ઈજા પહોંચી હતી.

હુમલા દરમિયાન અન્ય બે આરોપીઓ ફરીયાદીને ઘેરીને ઉભા રહ્યા હતા જેથી તેઓ ભાગી ન શકે. દરમિયાન પ્રદિપભાઈની પત્ની તેમને બચાવવા વચ્ચે પડતા આરોપીએ તેમના પર પણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં ત્રણેય આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

# સુરતમાં વેટરન ક્રિકેટ ટૂર્નામેન્ટમાં જબરદસ્ત ઉત્સાહ, દિલ્હી ચેમ્પિયન



સુરત, તા.૨૧

સુરત શહેરમાં વેટરન ક્રિકેટ ટૂર્નામેન્ટને લઈને ખેલપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ડુમસ સ્થિત સી.કે. પીઠાવાલા સ્ટેડિયમ ખાતે યોજાયેલી આ ટી-૨૦ ફોર્મેટની સ્પર્ધામાં ગુજરાત, રાજસ્થાન, દિલ્હી સહિત કુલ ચાર ટીમોએ ભાગ લીધો હતો. ૧૪ માર્ચથી શરૂ થયેલી ટૂર્નામેન્ટ દરમિયાન તમામ ટીમો વચ્ચે રોમાંચક મુકાબલા રમાયા હતા, જેને દર્શકોનો ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો.

ટૂર્નામેન્ટના ફાઈનલ મુકાબલામાં ગુજરાત અને દિલ્હી વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. ગુજરાતની ટીમે પહેલા બેટિંગ કરતાં ૧૬૩ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં દિલ્હીની ટીમે અંતિમ ઓવરમાં ૧૬૪ રન બનાવી મેચ જીતી લીધી અને ચેમ્પિયન બની હતી. પ્રસંગે ગુજરાત વેટરન ક્રિકેટના પ્રમુખ નરેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં આ પ્રકારની સ્પર્ધાનું આયોજન પ્રથમ વખત કરવામાં આવ્યું છે, જેને ખેલાડીઓ અને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. કાર્યક્રમમાં મહેશભાઈ પીઠાવાલા, હેમંત પટેલ, કમલેશ પટેલ, વિનીત બંસલ, પ્રવીણ ત્યાગી, રવિન્દ્ર ત્યાગી, વિનોદ ફલડે અને નિતીન જૈન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ચેમ્બરની આર્ટ કમિટી દ્વારા દ્વારા અમદાવાદમાં આર્ટ એકિઝબિશન

## ગુરૂવારથી રવિવાર સુધી અમદાવાદ સ્થિત સત્ય આર્ટ ગેલેરી ખાતે આયોજિત એકિઝબિશનમાં સુરતના ૧૯ કલાકારોએ વિવિધ કલાકૃતિઓ પ્રદર્શનમાં મુકી

સુરત, તા.૨૧

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટી દ્વારા કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે અમદાવાદમાં તા. ૧૯થી ૨૨ માર્ચ, ૨૦૨૬ સુધી બપોરે ૧૨:૦૦થી રાત્રે ૯:૦૦ કલાક દરમ્યાન અમદાવાદ સ્થિત નવરંગપુરા વિસ્તારમાં ગુજરાત વિદ્યાપીઠની પાછળ આવેલી સત્ય આર્ટ ગેલેરી, નવજીવન ટ્રસ્ટ ખાતે ચાર દિવસીય આર્ટ એકિઝબિશનનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો ગુરૂવાર, તા. ૧૯ માર્ચથી શુભારંભ થયો હતો. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં અમદાવાદના નામાંકિત કલાકારો જાણીતા આર્ટ કયુરેટર શ્રી અનુજ અંબાલાલ, સુરતના જાણીતા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર અને કયુરેટર શ્રી સૌરભ દેસાઈ, કલા ગુરૂઓ શ્રી જય ગોહિલ અને શ્રી રાકેશ ગોહિલ, નવજીવન ટ્રસ્ટના ચેરમેન અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વિવેક દેસાઈ, ક્રેમેગના પ્રમુખ શ્રી એન. રવિન્દ્રનાથન, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડીઝ વીંગના ચેરપર્સન સુશ્રી આશાબેન વઘાસિયા, ફિક્કીના ગુજરાત સ્ટેટ કાઉન્સિલના ચેરમેન શ્રી અંકિત પટેલ, બેન્ચમાર્ક ઈન્ડસ્ટ્રીના ચેરમેન શ્રી નિશિથ જોશી, ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલા, શ્રીમતી કૃતિકા શાહ, શ્રીમતી માનસી વિરાણી, સુશ્રી અવની દેસાઈ અને અમદાવાદ કલા જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલાએ જણાવ્યું હતું કે, સુરતના કલાકારો સમગ્ર ગુજરાતમાં પણ પોતાની કલાનું પ્રદર્શન કરી શકે તે હેતુથી અમદાવાદ ખાતે આર્ટ એકિઝબિશન યોજાયું છે. આ એકિઝબિશન કલા અને સંસ્કૃતિના પ્રચાર પ્રસાર માટે મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થશે, જયાં કલા રસિકોને આજથી ચાર દિવસ માટે વિવિધ કલાકૃતિઓને નિહાળવાનો અવસર મળ્યો છે. આ આર્ટ એકિઝબિશનમાં કુલ ૧૯ પ્રતિભાશાળી કલાકારો તેમની વિવિધ પ્રકારની કલાકૃતિઓ પ્રદર્શિત કરી રહ્યા છે. ચિત્રકલા, સર્જનાત્મક અભિવ્યક્તિ અને કલાના વિવિધ પ્રકારો સાથે જોડાયેલી આ કૃતિઓ કલા રસિકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. અમદાવાદના મુલાકાતીઓ અલગ–અલગ શૈલી અને વિષયવસ્તુ ધરાવતા આર્ટ વર્કર્સને નજીકથી નિહાળી રહ્યા છે.

# સરકારની સહાયથી ગંગા સ્વરૂપા બહેનોના જીવનમાં આવ્યો ઉજાસ

## પુનઃલગ્ન માટે રાજ્ય સરકાર આપી રહી છે રૂ.૫૦,૦૦૦ની આર્થિક સહાય

સુરત, તા.૨૧

સમાજમાં ગંગા સ્વરૂપા (વિધવા) મહિલાઓ પ્રત્યેની સામાજિક માનસિકતામાં સકારાત્મક બદલાવ લાવવા અને તેમને ફરીથી સન્માનજનક કૌટુંબિક જીવન જીવવાની તક પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા 'ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના' અમલી બનાવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય પુનઃલગ્ન કરવા ઈચ્છુક મહિલાઓને આર્થિક ટેકો આપી સમાજના મુખ્ય પ્રવાહમાં પુનઃસ્થાપિત કરવાનો છે. આ યોજના અંતર્ગત પુનઃલગ્ન કરનાર ગંગા સ્વરૂપા (વિધવા) બહેનને ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રૂ.૫૦,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે.જેમાંથી રૂ.૨૫ હજાર લાભાર્થી મહિલાના બચત ખાતામાં DBT મારફતે જમાં કરવામાં આવશે અને બાકીની રકમ રૂ.૨૫ હજાર રાષ્ટ્રીય બચતપત્રો (NSC) સ્વરૂપે મહિલાને આપવામાં આવશે. આ યોજનાનો લાભ લેનાર અરજદાર મહિલા ગુજરાતની વતની હોવી જોઈએ. મહિલાની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ ની વચ્ચે હોવી જોઈએ અને જે પુરુષ સાથે લગ્ન કરવાના હોય તેની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ. અરજદારની વાર્ષિક આવક મર્યાદા સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ હોવી જોઈએ અરજી કરતી વખતે પ્રથમ પતિના મરણનો દાખલો, પુનઃલગ્નનું પ્રમાણપત્ર - લગ્ન નોંધણી અધિકારી દ્વારા અપાયેલું હોવું જોઈએ, ઉંમરનો પુરાવો (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા આધાર કાર્ડ), રેશન કાર્ડ/ચૂંટણી કાર્ડ, આવકનો દાખલો, નવદંપતીનો સંયુક્ત ફોટોગ્રાફ જમા કરાવવાનો રહેશે. આ યોજના માટે જિલ્લા કક્ષાએ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતે સંપર્ક કરવાનો રહેશે. યોજનાની વધુ વિગત મેળવવા માટે વેબસાઈટ https://wcd.gujarat.gov.in/initiativedetails?id=૨૩૪ પર મેળવી શક્શે. સામાન્ય રીતે પુનઃલગ્ન કર્યાના નિયત સમયગાળાની અંદર જ આ સહાય માટે અરજી કરવાની રહેશે.

# પત્નીને માત્ર પ્રોપરાઇટર હોવાના લીધે જેલમા મોકલી શકાય નહી : હાઇકોર્ટ

## આ કેસમાં પતિ ધંધાનું તમામ વહીવટ કરતાં હતા જયારે પ્રોપરાઈટર પત્ની હતા : હાઈકોર્ટના હુકમથી પત્નીને રાહત

સુરત, તા.૨૧

પતિ ધંધાનું સંચાલન કરતા હોય ત્યારે પત્નીને માત્ર પ્રોપરાઈટર હોવાના લીધે જેલમા મોકલી શકાય નહી તેવી બચાવ પક્ષની દલીલ માન્ય રાખીને ગુજરાત હાઈકોર્ટે ગુનાહિત વિશ્વાસઘાતના એક કેસમાં પત્નીને આગોતરા જામીન આપ્યા છે.

આ કેસની વિગત એવી છે કે વિનુભાઈ ગોરધનભાઈ વાસાણી તથા તેમની પત્ની શારદાબેન વાસાણી (રહે. સહજાનંદ હાઈટ્સ, યોગીચોક, વરાછા) વિરુદ્ધ મહિધરપુરા પોલીસ સ્ટેશન માં રૂ.૫૭,૩૮,૬૭૬/- નો કાપડનો માલ ખરીધ્યા બાદ પેમેન્ટ ન આપતા બી.એન.એસ ૩૧૬(૫), ૬૧(૨) મુજબનો ગુનો નોંધાયો હતો. આ કેસમાં પતિ ધંધાનું તમામ વહીવટ કરતાં હતા જયારે પ્રોપરાઈટર પત્ની હતા. જેથી પત્ની શારદાબેનએ પોલીસ ધરપકડથી બચવા એડવોકેટ અશ્વિન જે જોગડીયા અને રાજેન જાધવ મારફતે ગુજરાત હાઈકોર્ટમા આગોતરા જામીન અરજી કરી હતી. જેમાં તેમણે દલીલ કરી હતી કે, પતિ તમામ ધંધા નું સંચાલન કરતાં હતા. જયારે હાલના આરોપી પત્ની માત્ર પ્રોપટાઈટર હતા અને તેથી પતિએ કરેલા ધંધાકીય વ્યવહાર માટે પત્નીને માત્ર પ્રોપરાઈટર હોવાના લીધે જેલમા મોકલી શકાય નહી. જે દલીલ માન્ય રાખીને હાઈકોર્ટે શરતોને આધીન પત્નીને આગોતરા જામીન આપ્યા હતા.

### ડિએગો ગાર્સિયામાં

પહેલા પાનાનું ચાલુ

એશિયામાં યુએસ લશ્કરી વ્યૂહરચના માટે એક મજબૂત કેન્દ્ર છે. અહીંથી, અમેરિકા તેના બોમ્બર્સ, પરમાણુ સબમરીન અને માર્ગદર્શિત મિસાઈલ જહાજો તૈનાત કરે છે. વધુમાં, તેમાં વિશાળ ઈંધણ સંગ્રહ સુવિધાઓ, રડાર સિસ્ટમ્સ અને નિયંત્રણ ટાવર છે, જે લાંબા અંતરની લશ્કરી કામગીરીને સક્ષમ બનાવે છે.

આ ઈરાની હુમલાએ અનેક સ્તરો પર ચિંતાઓ ઉભી કરી છે. હાલમાં, અમેરિકા અને બ્રિટન તરફથી આ અંગે કોઈ સત્તાવાર માહિતી બહાર આવી નથી, પરંતુ એક વાત સ્પષ્ટ છે કે ઈરાને તેના દુશ્મનોને મોટો ફટકો આપ્યો છે.

### ૬૦ વર્ષમાં પહેલીવાર

પહેલા પાનાનું ચાલુ

પીવાનો સામાન ખરીદવા માટે મોટી સંખ્યામાં અહી પહોંચતા હતા.

પરંતુ આ વખતે પરિસ્થિતિ બદલાયેલી છે. બજારોમાં ન તો પહેલાં જેવી ભીડ છે અને ન તો તહેવારો જેવી ચહલપહલ. ઓછા લોકો જ ખરીદી માટે બહાર નીકળી રહ્યા છે, જેના કારણે તહેવારની રોનક ઝાંખી પડતી દેખાઈ રહી છે.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાને ઈદ-ઉલ-ફિતરના અવસરે યુદ્ધમાં અસ્થાયી વિરામની જાહેરાત કરી. યુદ્ધને ૫ દિવસ માટે રોકી દેવામાં આવ્યું છે. આ પગલું સાઉદી અરેબિયા, તુર્કી અને કતારની અપીલો પછી લેવામાં આવ્યું છે. માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે જણાવ્યું કે આ યુદ્ધવિરામ ૧૮/૧૯ માર્ચની રાતથી ૨૩/૨૪ માર્ચની રાત સુધી લાગુ રહેશે. જોકે, કોઈપણ સરહદ પાર હુમલો, ડ્રોન હુમલો અથવા પાકિસ્તાનમાં આતંકવાદી ઘટના બનવા પર ઓપરેશન તરત જ ફરીથી શરૂ કરી દેવામાં આવશે.

### ઈદની શુભેચ્છા

પહેલા પાનાનું ચાલુ

(DPAP) ના અધ્યક્ષ ગુલામ નબી આઝાદે કહ્યું, "ઈદના અવસર પર, અમે અલ્લાહને દુઆ કરીએ છીએ કે યુદ્ધ અને રક્તપાત, ખાસ કરીને પશ્ચિમ એશિયામાં, જ્યાં લગભગ ૧ કરોડ ભારતીયો કામ કરે છે અને દેશને લાભ આપે છે, ત્યાં અંત આવે અને શાંતિ પ્રવર્તે."

### ઈરાન પાસેથી

પહેલા પાનાનું ચાલુ

ટ્રમ્પ પ્રશાસને ગુરુવારે એક નવું 'જનરલ લાઈસન્સ' જારી કર્યું છે, જેના હેઠળ તે રશિયન ટેન્કરોમાંથી તેલ વેચવાની મંજૂરી આપવામાં આવી છે જે ૧૨ માર્ચ સુધીમાં લોડ થઈ ચૂક્યા હતા. અમેરિકી ટ્રેઝરી વિભાગ અનુસાર, આ છૂટ ૧૧ એપ્રિલ ૨૦૨૬ સુધી લાગુ રહેશે.

અમેરિકી ટ્રેઝરી વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આ નવું લાઈસન્સ ૧૨ માર્ચે જારી કરાયેલા પાછલા ૩૦ દિવસના 'સેંક્શન્સ વેવર'નું સ્થાન લેશે.

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે છેલ્લા કેટલાક સમયથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. બ્રેન્ટ ક્રૂડ આજે ૧૧૨ ડોલર પ્રતિ બેરલ પર કારોબાર કરી રહ્યું છે. પાછલા દિવસોમાં તે ૧૨૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયું હતું.

તેલની કિંમતો વધવાનું સૌથી મોટું કારણ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'નું બંધ થવું છે. આ લગભગ ૧૬૭ કિમી લાંબો જળમાર્ગ છે, જે ફારસની ખાડીને અરબ સાગર સાથે જોડે છે. ઈરાન યુદ્ધના કારણે આ રૂટ હવે સુરક્ષિત રહ્યો નથી. ખતરાને જોતા કોઈ પણ તેલ ટેન્કર ત્યાંથી પસાર થઈ રહ્યું નથી.

દુનિયાના કુલ પેટ્રોલિયમનો ૨૦% હિસ્સો અહીંથી પસાર થાય છે. સાઉદી અરબ, ઈરાક અને કુવૈત જેવા દેશો પણ પોતાની નિકાસ માટે આના પર નિર્ભર છે. ભારત પોતાની જરૂરિયાતનું ૫૦% ક્રૂડ ઓઈલ અને ૫૪% એલએનજી આ જ રસ્તેથી મંગાવે છે. ઈરાન પોતે આ જ રૂટથી એક્સપોર્ટ કરે છે.

### પ્રાકૃતિ ખેતી

પેજ-૨ પાનાનું ચાલુ

પ્રાકૃતિક ખેતીને મહત્તમ પ્રાધન્ય આપી રહ્યા છે.

**પ્રાકૃતિક વસ્તુઓ-વનસ્પતિઓનો ખેતીના પાકની ઉપયોગીતા વિશે જાણીએ**

કોઈપણ પ્રકારના કેમિકલ વગર આંકડાનાં પાંદડા, બેસન કે કોઈ પણ દાળનો લોટ, ગોળ, લીમડાનાં પાદડા, ગૌમૂત્ર, તાજી છાસ, પાણી માંથી અમૃતપાણી જે પાકના વિકાસ માટે ઉપયોગમાં આવે છે.

ગૌમૂત્ર, કડવા લીમડા, તીખા મરચા, દેશી લસણમાંથી અગ્નિયાસ્ત્ર જે ઈયળ અને કોઈ પણ પ્રકારના જીવને રક્ષણ આપવામાં મદદ કરે છે.

ડાંગર તુવેરના બીજને ૫ડ આપવા માટે બીજામૃત દવા ઉપયોગ કરવામાં આવે છે. જૈવિક કુદરતી દવાઓ બનાવી ખેતીમાં ઉપયોગ કરે છે.

### ગટરની સફાઈ માટે

પેજ-૨ પાનાનું ચાલુ

કરવામાં આવેલ છે.( જાહેર નોટીસની નકલ સામેલ છે)

આ ઉપરાંત લોકોને હવે પછી ભવિષ્યમાં ગટર સાફ સફાઈની કામગીરી મશીનરીઓ ધ્વારા જ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ તાલીમબધ્ધ વ્યકિતઓ/ઈજારદારો/સંસ્થાની યાદી પૈકીઓની અધિકૃત વ્યકિત/ઈજારદાર/સંસ્થા મારફતે કરાવવા સુરત મહાનગરપાલિકા ધ્વારા અપીલ કરવામાં આવે છે.

આવી અનુભવી એજન્સીઓના સંપર્ક નંબર સહીતની વિગતો સુરત મહાનગરપાલિકા ધ્વારા વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવનાર છે તો આ પ્રકારની માહીતીનો સુરતીઓ ધ્વારા બહોળા પ્રમાણમાં ઉપયોગ કરી વેબસાઈટ ઉપરથી નંબર મેળવી આવા પ્રકારના અધિકૃત તેમજ અનુભવી માણસો ધ્વારા જ ડ્રેનેજ સફાઈ થાય તેવી સુરત મહાનગરપાલિકા ધ્વારા આગ્રહ ભરી વિનંતી સહ અપીલ કરવામાં આવે છે.

છેલ્લા પાનાનું ચાલુ

### પવિત્ર રમઝાન

રાખવામાં આવી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પણ સ્થળની મુલાકાત લીધી હતી જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. લોકો કોઈપણ ડર વગર તહેવારની ઉજવણી કરી શકે તે માટે પોલીસ તંત્ર દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરાયું હતું.

પવિત્ર રમઝાન માસ દરમિયાન મુસ્લિમ સમાજના લોકોએ કઠોર રોજા (ઉપવાસ) રાખ્યા હતા. ૨૯ કે ૩૦ દિવસના રોજા પૂર્ણ થયા બાદ આકાશમાં ચાંદના દર્શન થતાં જ ઈદની ઉજવણી શરૂ થઈ હતી. મુસ્લિમ બિરાદરોએ અલ્લાહનો આભાર માન્યો હતો કે તેમને પવિત્ર રમઝાન માસ ફરી નસીબ થયો અને રોજા રાખવાની શક્તિ મળી. નમાજ બાદ સૌએ દેશમાં અમન અને શાંતિ જળવાઈ રહે તે માટે ખાસ દુઆઓ માગી હતી.

ઈદની ઉજવણીમાં દાનનું વિશેષ મહત્વ છે. ઈદની નમાજ પહેલાં 'સદકા એ ફિત્ર' આપવાની પરંપરા નિભાવવામાં આવી હતી, જેથી ગરીબ અને જરૂરિયાતમંદ લોકો પણ તહેવારની ખુશીઓમાં સામેલ થઈ શકે. નમાજ પૂર્ણ થયા બાદ ઘરોમાં શીરખુરમા, સેવૈયા અને વિવિધ મીઠાઈઓ જેવી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આમ, દાન, ભક્તિ અને સ્વાદના સંગમ સાથે સુરતમાં ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી સંપન્ન થઈ હતી. આ તહેવારે ફરી એકવાર સમાજમાં એકતા, પ્રેમ અને માનવતાના દર્શન કરાવ્યા છે.

### તડકેશ્વરમાં

તે પહેલા જ વિક્કીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકની પત્ની રાધાબેન વિક્કી ચૌહાણ (ઉંમર ૩૦ વર્ષ), જે હાલ છત્તીસગઢમાં રહે છે, તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદના આધારે પોલીસે આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ઘટના અંગે વધુ તપાસ માંડવી પોલીસ સ્ટેશન અને તડકેશ્વર આઉટપોસ્ટ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

# રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી નલથી જલ પહોંચાડવા સરકાર કટિબદ્ધઃ ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં જલ જીવન મિશન ૨.૦ અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે મહત્વપૂર્ણ એમ.ઓ.યુ. સંપન્ન

નવસારી, તા.૨

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં સુરક્ષિત અને પૂરતું પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર અને કેન્દ્રના પેયજળ અને સ્વચ્છતા વિભાગ વચ્ચે જલ જીવન મિશન ૨.૦ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સુવિધા વધુ સુલભ બનાવવા મહત્વપૂર્ણ એમઓયુ (MoU) સંપન્ન થયાં છે. આ વેળાએ કેન્દ્રીય મંત્રીશ્રી સી. આર. પાટીલ અને રાજ્યના પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યું હતું કે, રાજ્યના છેવાડાના વિસ્તારો સહિત દરેક ખૂણે પૂરતું સ્વચ્છ પીવાનું પાણી પહોંચાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. સરકાર દ્વારા કરાયેલા આ એમઓયુ રાજ્યના પેયજળ વ્યવસ્થાપન તેમજ ગ્રામ્ય જનજીવનના ગુણાત્મક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર કેન્દ્રની દરેક યોજનાઓનું અગ્રતાના ધોરણે સફળ અમલીકરણ કરે છે. જલ જીવન મિશન ૨.૦ અંતર્ગત થયેલા આ એમ.ઓ.યુ. રાજ્યના ગ્રામ્ય વિકાસમાં એક માઈલસ્ટોન સાબિત થશે. જલ જીવન મિશનની શરૂઆત ૧૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ "હર ઘર જલ"ના સંકલ્પ સાથે કરવામાં આવી હતી, જેમાં દરેક ગ્રામ્ય ઘરમાં નળ દ્વારા પીવાનું પાણી પહોંચાડવાનો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો હતો. ગુજરાતે આ લક્ષ્યાંક ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં સફળતાપૂર્વક હાંસલ કર્યો છે, જે રાજ્ય માટે ગૌરવની બાબત છે. હવે જલ જીવન મિશન ૨.૦ અંતર્ગત ૨૦૨૮ સુધી પાણી પુરવઠા વ્યવસ્થાનું વધુ મજબૂતીકરણ, નિયમિતતા અને સસ્ટેનેબિલિટી સુનિશ્ચિત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૨૧ માર્ચ ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

**પોશ એરિયામાં આવાસ યોજના પર ઢાંકપીછોડો કરવાનો ખેલ**

# પાલમાં બિલ્ડરના લાભાર્થે હાઉસિંગની જમીનમાં કમ્પાઉન્ડ વોલનું અધૂરું કામ બંધ

**સરકાર દ્વારા મંજૂર કરાયેલી પાલ ખાતેની ગરીબ લોકો માટેની આવાસની સંપાદિત જમીન પરનું શરૂ થયેલું કામ બંધ કરાવી દેવાતા પાલ ગામના લોકો દ્વારા ભારે વિરોધઃ કંપાઉન્ડવોલનું કામ શરૂ કરવા માંગણી**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧**

સુરત શહેરમાં મંજૂર થયેલી ટી.પી. સ્કીમ નંબર ૧૫ અંતર્ગત સુરત મહાનગરપાલિકાની હાઉસિંગ માટેની રીઝર્વ જમીનમાં બિલ્ડરના લાભાર્થે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના રાંદેર ઝોન દ્વારા સુરત કલેકટરના બહાને મોટું કૌભાંડ હાથ ધરાયું હોવાની રજૂઆત જાહેર હિતમાં પાલ ગામના લોકો દ્વારા કલેક્ટર તથા સુરત મ્યુનિ.ના રાંદેર ઝોનના વડા સમક્ષ કરવામાં આવી છે. પાલ ગામની જગ્યામાંથી રસ્તાની કપાત અર્થે તથા હાઉસિંગ અંગેની જગ્યાનું રિઝર્વેશન છુપાવવાના હેતુ માટે



બિલ્ડર દ્વારા આખોય ખેલ રચાયો હોવાની પાલ ગામના લોકો દ્વારા ફરિયાદ કરવામાં આવતા સરકારી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

પાલ ગામ મોટી ફળીની જગ્યા પછી લાગુ ટી.પી. સ્કીમ ૧૫ આવેલ છે કે જે મંજૂર થયેલ છે અને હાલમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા તેનો અમલીકરણ કરવામાં આવી રહેલ છે અને ટી.પી.માં મંજૂર થયા મુજબ ગામની જગ્યા પછી હાઉસિંગ ની જગ્યા આવેલ હોય તેનું સુરત મહાનગરપાલિકા દ્વારા કમ્પાઉન્ડ વોલ બનાવવાની અધૂરી કામગીરી થયેલ છે પરંતુ બની બેઠેલા લાલચું બિલ્ડરના મેળાપીપણામાં કલેકટરના નામે માત્ર અને માત્ર એક બિલ્ડરને ફાયદો કરવા માટે કાયદાની ઉપરવટ જઈને સત્તા ની બહાર ટી.પી. સ્કીમ માં દર્શાવેલ હાઉસિંગ ની જગ્યા દૂર કરીને ખોટી અને ગેરકાયદેસર રીતે માત્ર ને માત્ર બિલ્ડરના હિતને ધ્યાનમાં રાખીને ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે ગુજરાત ટાઉન પ્લાનિંગના સ્કીમ નો અમલ એસ એમ સીએ કરવાનો હોય એમાં કલેક્ટર અથવા તેમની કચેરી દ્વારા કોઈપણ કાર્યવાહીમાં કોઈપણ દખલગીરી કરવાની જરૂરિયાત રહેતી ન હોય તેમ કાયદામાં સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં સત્તાની ઉપર જઈને દખલગીરી તથા હસ્તક્ષેપ કરવામાં આવી રહેલ છે જે વિરુદ્ધ અમો ગ્રામજનોને સખત વિરોધ છે.

# ઓનલાઈન ટ્રેડિંગમાં નફાની લાલચમાં ૫૦.૪૦ લાખની ઠગાઈ

**ઠગે ન તો મૂડી પરત કરી કે નફો પણ નહીં આપતા મામલો પોલીસમાં**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧**

કામરેજ વિસ્તારમાં ઑનલાઇન ટ્રેડિંગમાં ઊંચો નફો અપાવવાની લાલચ આપી એક વ્યક્તિ સાથે ૫૦.૪૦ લાખની છેતરપીડી થયાની ઘટના સામે આવી છે. આ મામલે કામરેજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ સૂત્રો મુજબ, નવાગામ ખાતે રહેતા અરજદારનો સંપર્ક આરોપીઓએ મોબાઈલ અને ઈન્ટરનેટ માધ્યમ દ્વારા કર્યો હતો. આરોપીઓએ પોતાને ટ્રેડિંગ નિષ્ણાત તરીકે રજૂ કરીને ઓછા સમયમાં વધારે નફો આપવાની ખાતરી આપી હતી. શરૂઆતમાં નાના નફા બતાવી વિશ્વાસ જીત્યા બાદ આરોપીઓએ અરજદારને અલગ-અલગ બેંક ખાતાઓમાં મોટી રકમ ટ્રાન્સફર કરવા પ્રેર્યા હતા.

અરજદારે આરોપીઓના કહેવા મુજબ અલગ તબક્કામાં કુલ ૫૦,૪૦,૮૦૦ ટ્રાન્સફર કર્યા હતા. પરંતુ ત્યારબાદ આરોપીઓએ ન તો નફો આપ્યો અને ન જ મૂડી પરત કરી. અંતે આરોપીઓએ સંપર્ક તોડી નાખતા અરજદારને છેતરાયા હોવાનો ભાન થયું અને પોલીસનો સંપર્ક કર્યો હતો.

આ કેસમાં અનિતા પટેલ, અનન્યા શર્મા અને મિસ્ટર પિટર પાઉલ નામના આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪), ૫૪ તથા આઈટી એક્ટની કલમ ૬૬(સી) અને ૬૬(ડી) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ દ્વારા આપેલ મોબાઈલ નંબરોના આધારે આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે અજાણ્યા વ્યક્તિઓની ટ્રેડિંગ કે રોકાણની લાલચમાં આવી નાણાં ટ્રાન્સફર કરતા પહેલા યોગ્ય ચકાસણી કરવી જોઈએ. હાલમાં સમગ્ર મામલે વધુ તપાસ ચાલી રહી છે.

# પવિત્ર રમઝાન પૂર્ણ થતા ઈદના તહેવારની શાંતિપૂર્વક ઉજવણી

**રાંદેરના ઈદગાહ સહિતના અનેક સ્થળોએ ઈદ-ઉલ-ફિત્રની નમાઝ અદા કરાઈ**



**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧**

સુરતના ઐતિહાસિક રાંદેર વિસ્તારમાં આજે ઈદ-ઉલ-ફિત્રની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. રાંદેરના ઈદગાહ અને તેની આસપાસના વિસ્તારોમાં વહેલી સવારથી જ મુસ્લિમ બિરાદરોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. હજારોની સંખ્યામાં લોકોએ એકસાથે પંક્તિબદ્ધ થઈને નમાજ અદા કરી હતી. આ પવિત્ર અવસરે લોકોએ એકબીજાને ગળે મળીને 'ઈદ મુબારક' પાઠવી ભાઈચારાનો સંદેશ વહેતો કર્યો હતો. સમગ્ર વિસ્તારમાં તહેવારની ભારે રોનક જોવા મળી હતી અને લોકો નવા વસ્ત્રોમાં સજ્જ થઈ ખુશીઓ મનાવતા નજરે પડ્યા હતા.

ઈદની નમાજ દરમિયાન રાંદેર વિસ્તારમાં ડ્રોન દ્વારા ખાસ શૂટિંગ કરવામાં આવ્યું હતું. ડ્રોન શોટમાં જોઈ શકાય છે કે, હજારોની સંખ્યામાં શિસ્તબદ્ધ રીતે નમાજ અદા કરતા મુસ્લિમ બિરાદરોનો નજારો ખૂબ જ અદભૂત અને પ્રભાવશાળી લાગતો હતો. ઉપરથી લેવાયેલા આ દૃશ્યોમાં એકતા અને શિસ્તની ભવ્યતા દેખાઈ આવતી હતી. માત્ર રાંદેર જ નહીં, પરંતુ લિંબાયત, ઉન અને ભેસ્તાન જેવા વિસ્તારોમાં પણ મોટી સંખ્યામાં બિરાદરો એકત્રિત થયા હતા. આ ડ્રોન સર્વેલન્સ દ્વારા સુરક્ષા વ્યવસ્થાની સાથે સાથે કાર્યક્રમની ભવ્યતાને પણ ડિજિટલ માધ્યમથી સુંદર રીતે કવર કરવામાં આવી હતી.

શાંતિના પર્વ પર કોઈ પણ અપ્રિય ઘટના ન બને તે માટે સુરત શહેર પોલીસ દ્વારા સુરક્ષાના કડક પ્રબંધો કરવામાં આવ્યા હતા. ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. સુરક્ષા વ્યવસ્થા જાળવવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં ડ્રોન સર્વેલન્સથી સતત નજર

અનુસંધાન પાના ૭ પર

# તડકેશ્વરમાં પગાર અને રજાની માંગણી કરતા નોકરની હત્યા

**લોખંડના સળિયા વડે પરપ્રાંતિય શ્રમિકને પતાવી દેવાયો**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧**

સુરત જિલ્લાના તડકેશ્વર ગામે આવેલ જી.એમ.ડી.સી. વિસ્તારમાં એક ગંભીર અને ચોંકાવનારો હત્યાનો બનાવ સામે આવ્યો છે, જેમાં પગાર અને રજાની માંગણીને લઈ થયેલા ઝઘડામાં એક મજૂરનું મોત નિપજ્યું છે. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માહિતી મુજબ, ગત તા. ૧૭ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૨૨:૪૮ કલાક પહેલા તડકેશ્વર ગામે આવેલ દુર્ગા ઈન્ફ્રામાઈનિંગ પ્રા. લિ.ની કેન્ટિનની રૂમમાં આ બનાવ બન્યો હતો. મૃતક વિક્કી દૌલતરામ ચૌહાણ (ઉંમર આશરે ૩૪ વર્ષ), મૂળ છત્તીસગઢ રાજ્યના જાંજગીર-ચાંપા જિલ્લાના રહેવાસી હતા અને હાલ રોજગાર માટે સુરત જિલ્લામાં રહેતા હતા. તેઓ કંપનીમાં કામ કરતા હતા અને કેન્ટિનની રૂમમાં રહેતા હતા.

આરોપી માનાભાઈ ભીખાભાઈ મહેતા, જે તે જ સ્થળે રહેતો હતો, સાથે મૃતકનો પગાર અને રજાની માંગણી બાબતે વિવાદ થયો હતો. આ વિવાદ ધીમે ધીમે ઉગ્ર બનતા આરોપીએ ગુસ્સે આવીને લાકડી કે લોખંડના સળીયા જેવા બોથડ હથિયાર વડે વિક્કી પર હુમલો કર્યો હતો. હુમલામાં વિક્કીના શરીરના વિવિધ ભાગો તેમજ ખાસ કરીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

માથામાં ગંભીર ઈજાઓને કારણે હેમરેજ થતા, સારવાર મળે

અનુસંધાન પાના ૭ પર


## પશ્ચિમ રેલવે મુંબઈ સેન્ટ્રલ ⇌ ભીવાની વચ્ચે સ્પેશિયલ ટ્રેનની ટ્રીપો લંબાવે છે

| ટ્રેન નં. | થી | સુધી | દોડાવવાના દિવસો | સુધી લંબાવેલ |
|---|---|---|---|---|
| ૦૯૦૦૧ | મુંબઈ સેન્ટ્રલ | ભીવાની | મંગળ અને શુક્ર | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૦૨ | ભીવાની | મુંબઈ સેન્ટ્રલ | બુધ અને શનિ | ૦૧.૦૮.૨૦૨૬ |

રોકાણોના સમય અને કંપોઝિશન સંબંધિત વિસ્તૃત માહિતી માટે.
યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લો.

ટ્રેન નં.૦૯૦૦૧ની લંબાવેલ ટ્રીપોનું બુકિંગ તમામ PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર ૨૨.૦૩.૨૦૨૬થી શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડે સ્પેશિયલ ટ્રેનો રૂપે દોડાવાશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in

અમને લાઈક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ ઓળખપત્ર સાથે રાખો



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

## આદિજાતિ વિસ્તારમાં પહોંચ્યા વિકાસના લાભ અપાર




**આદિજાતિ વિકાસ વિભાગ માટે ₹5,425 કરોડની જોગવાઈ**

વિકસિત ભારત
ગુજરાત બજેટ 2026-27
વિકસિત ગુજરાત



- અંદાજે **2 લાખ 35** હજાર વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ આપવા **₹909 કરોડ**ની જોગવાઈ
- **665** આશ્રમ શાળાઓના **1 લાખ**થી વધુ વિદ્યાર્થીઓ માટે **₹595 કરોડ**ની જોગવાઈ
- સરકારી છાત્રાલય, આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મૉડલ રેસિડેન્શિયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલના બાંધકામ માટે **₹679 કરોડ**ની જોગવાઈ
- આદિજાતિ વિસ્તારમાં ઉદ્‌વહન સિંચાઈ યોજના માટે **₹485 કરોડ**ની જોગવાઈ
- આદિજાતિ વિસ્તારના કુલ **14** જિલ્લાઓના **651** ગામોને આવરી લેતી **26** જૂથ પાણી પુરવઠા યોજનાઓ માટે **₹280 કરોડ**ની જોગવાઈ
- આદિવાસી વિસ્તારોમાં ઉદ્યોગસાહસિક્તાને પ્રોત્સાહન આપવા અને રોજગારી વધારવા **5 GIDC**ની સ્થાપના કરાશે
- આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિના તબીબોને સ્પેશિયાલિટી/મલ્ટી સ્પેશિયાલિટી હૉસ્પિટલ/ જનરલ નર્સિંગ હોમ/ડિસ્પેન્સરી શરૂ કરવા માટેની સ્વાસ્થ્ય સહાય યોજના માટે કુલ **₹22 કરોડ**ની જોગવાઈ




"આદિજાતિ બંધુઓના શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગારને પ્રાધાન્ય આપતું આ બજેટ **'આદિજાતિ બંધુઓને દ્વાર પહોંચ્યા વિકાસના લાભ અપાર'** એ સંકલ્પને ખરા અર્થમાં સાર્થક કરશે. આદિજાતિ સમાજના સર્વાંગી ઉત્કર્ષ થકી જ આપણે એક મજબૂત અને વિકસિત ગુજરાતનું નિર્માણ કરી રહ્યા છીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત